| | | | |
|---|---|---|---|
| GJAR030014382017 | सत्यमेव जयते | રજુ તારીખ:<br>દાખલ તારીખ:<br>ફેસલ તારીખ:<br>**કુલ અવધી:** | ૨૨/૦૯/૨૦૧૭<br>૨૨/૦૯/૨૦૧૭<br>૦૩/૦૬/૨૦૨૬<br>**દિવસ-માસ-વર્ષ**<br>**૧૨ – ૦૮ – ૦૮** |

**નામદાર સુપ્રીમ કોર્ટ ના SUO MOTO WRIT (CRL) NO. (S) 1 / 2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A – અન્વયેના નોટીફીકેશન નં. સી – ૨૦૦૧ – ૯૩ તા. ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

**FORM – A**

**ભિલોડાના મહે., જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, તાલુકો – ભિલોડા, જીલ્લો – અરવલ્લી.**
**શ્રી એ. એ. દવે, દ્વારા જાહેર કર્યો. ચુકાદાની તારીખ – ૦૩/૦૬/૨૦૨૬**

**ક્રિમીનલ કેસ નં.૧૨૭૭/૨૦૧૭**
**આંક : – ૧૨૨**

| **વન્ય / એફ.આઈ.આર ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **બીટ.નુ નામ : વાંસેરા**<br>**રાઉન્ડનુ નામ શામળાજી:**<br>**ગુન્હો :** | વન પ્રથમ ગુન્હા નંબર.૧૦/૨૦૧૭–૧૮<br>ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ : ૨૬(૧)એ(ક), ૨૬(૧)ડી(ચ), ૨૬(૧)(ઝ), કલમ અન્વયે નિયમોના ભંગ મુજબ .. |
| **તહોમતનામ મુજબ**<br>**તોહમત :પ્લિ રેકર્ડ કરી**<br><br>**ફરીયાદી :** | ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ : ૨૬(૧)એ(ક), ૨૬(૧)ડી(ચ), ૨૬(૧)(ઝ), કલમ અન્વયે નિયમોના ભંગ મુજબ ..<br>**શ્રી, નાનજીભાઇ કાજીભાઇ ખરાડી**<br>અરવલ્લી વન વિભાગની ક્ષેત્રીય રેંજ |

| | |
|---|---|
| વિ.એ.પી.પી.શ્રી : | શામળાજીના વનપાલ, શામળાજી<br>**કે.એન.સિસોદિયા.** |
| **આરોપીઓ :**<br><br><br><br><br><br><br><br>**આરોપી તરફે વી.વ.શ્રી :** | **નં.૧, ખરાડી નાનજીભાઇ કાનજીભાઇ,**<br>**નં.૨, ખરાડી અજુનભાઇ નાનજીભાઇ,**<br>**નં.૩, ખરાડી સિધ્ધરાજભાઇ નાનજીભાઇ**<br>**(આંક – ૭ થી અબેટ)**<br>**નં.૪, પાંડવ સુકાજી કાવાજી**<br>**નં.૧ થી ૩, :** નાઓ રહે. સુનોખ, તા.ભિલોડા,<br>**નં.૪** : બુધરાસણ,તા.ભિલોડા, જી.અરવલ્લી,<br>**આરોપી નં. ૧ થી ૩, તરફે, કે.ટી.પાંડોર**<br>**આરોપી નં. ૪ તરફે, બી.એસ. કોટવાલ** |

## FORM–B

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ : –** | તા.૦૨/૦૮ થી ૧૦/૦૮/૨૦૧૭ |
| **ફરીયાદની તારીખ : –** | તા.૦૫/૦૯/૨૦૧૭ |
| **(ફરીયાદ દાખલ તારીખ) ચાર્જસીટ** | તા.૦૫/૦૯/૨૦૧૭ |
| **તહોમત ફરમાવ્યા/પ્લીતારીખ: –** | તા.૧૨/૦૧/૨૦૨૫ |
| **ચુકાદો સંક્ષીપ્તમાં રાખ્યાની તારીખ :** | નીલ |
| **ચુકાદાની તારીખ : –** | **તા.૦૩/૦૬/૨૦૨૬** |
| **સજા હુકમ/પ્રોબેશન લાભ તારીખ:** | નીલ |

**આરોપીની વિગત : –**

| **આરોપીનો ક્રમ** | (૧) થી (૪) |
|---|---|
| આરોપીઓનું નામ | **૧. ખરાડી નાનજીભાઇ કાનજીભાઇ ,**<br>**૨. ખરાડી અજુનભાઇ નાનજીભાઇ,**<br>**૩. ખરાડી સિધ્ધરાજભાઇ નાનજીભાઇ,**<br>**(આંક – ૭ થી અબેટ)**<br>**૪. પાંડવ સુકાજી કાવાજી** |

| | |
|---|---|
| | **નં.૧ થી ૩ નાઓ રહે. સુનોખ,**<br>**નં.૪ બુધરાસણ,તા.ભિલોડા જી. અરવલ્લી** |
| ધરપકડ કર્યા તારીખ | ૧૦/૦૮/૨૦૧૭ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૦/૦૮/૨૦૧૭ |

| | |
|---|---|
| તમામ, કયો ગુન્હો નોધાયેલ છે? | ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ : ૨૬(૧)એ(ક), ૨૬(૧)ડી(ચ), ૨૬(૧)(ઝ), કલમ અન્વયે નિયમોના ભંગ મુજબ .. |
| તમામ, છોડી મુકેલ છે કે સજા કરેલ છે? | **શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકે છે.** |
| સજા કર્યાની વિગત | -- |
| ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયચિક કાર્યવાહી દ્ર્મય્ન જેલમાં રહેલ સમય | -- |

## FORM – C

## ફરિયાદ પક્ષ તથા બચાવ પક્ષ અને કોર્ટના સાહેદો નું લીસ્ટ

### (એ) ફરિયાદ પક્ષ તરફે : –

### ફરિયાદ પક્ષ નો મૌખિક પુરાવો : –

| ક્રમ. | સાહેદોનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ફરીયાદી, ભીખાભાઇ ભેમાજી પુંજારા, | **ફરીયાદી** | **૦૮** |
| ૨. | રેન્જ ફોરેસ્ટ, ઓફીસર, શ્રી.કે.એમ.ડામોર | **સાહેદ** | **૨૬** |
| ૩. | ફોરેસ્ટર, મહેશભાઇ વાલજીભાઇ ડામોર | **સાહેદ** | **૩૬** |
| ૪. | ફોરેસ્ટર, ભરતભાઇ ચંદુભાઇ વિસાત | **સાહેદ** | **૪૪** |
| ૫. | ફોરેસ્ટર, જીગ્નેશભાઇ રમણભાઇ ખરાડી | **સાહેદ** | **૬૨** |
| ૬. | ફોરેસ્ટર, **ઉમેશકુમાર વાલજીભાઇ ડામોર** | **સાહેદ** | **૬૪** |

| | | | |
|---|---|---|---|
| **૭.** | વન રક્ષક**,** ગાયત્રીબેન મુકેશભાઈ ચૌધરી | **સાહેદ** | **૭૦** |
| **૮.** | વન રક્ષક**,** રાધાબેન જવાનભાઈ ડામોર | **સાહેદ** | **૭૨** |
| **૯.** | વન રક્ષક**,** નિનામા દીપમાલા હરીશભાઈ | **સાહેદ** | **૭૩** |
| **૧૦.** | વન રક્ષક**,** મહેશભાઈ  દશરથભાઈ વાઘરી | **સાહેદ** | **૭૪** |
| **૧૧.** | વન રક્ષક**,** ખરાડી નયનાબેન સાંજાભાઈ | **સાહેદ** | **૭૫** |
| **૧૨.** | ગાર્ડ**,** કુવરબેન સાંઢાભાઈ ભરવાડ | **સાહેદ** | **૭૬** |
| **૧૩.** | એસ.આર.પી.એફ**,** વિષ્ણુકુમાર ધીરૂભાઈ પટેલ | **સાહેદ** | **૮૦** |
| **૧૪.** | એસ.આર.પી.એફ**,** શાંતીલાલ નાનજીભાઈ ખરાડી | **સાહેદ** | **૮૧** |
| **૧૫.** | રોજમદાર**,** અરવિંદભાઈ રૂપાજી કટારા | **સાહેદ** | **૮૯** |
| **૧૬.** | રોજમદાર**,** બાબુભાઈ બદાજી ગામેતી | **સાહેદ** | **૯૦** |
| **૧૭.** | રોજમદાર**,** પ્રકાશભાઈ રમણભાઈ ડામોર | **સાહેદ** | **૯૩** |
| **૧૮.** | રોજમદાર**,** કોટડ જયંતીભાઈ અળખાજી | **સાહેદ** | **૧૦૦** |

**(બી) બચાવ પક્ષે મૌખિક પુરાવો : –**

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો : –**

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરિયાદ પક્ષે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા : –**

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચનામું**(આંક:૦૮ તથા આંક : ૬૪) તા.૦૨/૦૮/૨૦૧૭** | **૯/૬૫** |
| ૨. | એફ.ઓ.આર ની ઓફીસ કોપી **(તા.૦૧/૦૮/૨૦૧૭)** | ૧૦ |
| ૩. | પંચનામું **(૧૦/૦૮/૨૦૧૭)** | ૧૧ |
| ૪. | આરોપી નાનજીભાઈ કાનજીભાઈ ખરાડીનું બાહેધરી ખત | ૧૨ |

| | | |
|---|---|---|
| ૫. | આરોપી અર્જુનભાઇ નાનજીભાઇ ખરાડીનું બાહેધરી ખત | ૧૩ |
| ૬. | આરોપી સિધ્ધરાજ નાનજીભાઇ ખરાડીનું બાહેધરી ખત | ૧૪ |
| ૭. | ત્રણેય આરોપીઓનું સંયુકત બાહેધરી ખત | ૧૫ |
| ૮. | આર.એફ.ઓ રૂબરૂ ત્રણ આરોપીનુ નુકશાની નાંણા ભરવા બાબતનુ બાહેધરી | ૧૬ |
| ૯. | જામીનખત | ૧૭ |
| ૧૦. | આધારકાર્ડની નકલ | ૧૮ |
| ૧૧. | ચૂંટણીકાર્ડ નકલ | ૧૯ |
| ૧૨. | જામીનખત | ૨૦ |
| ૧૩. | આધારકાર્ડની નકલ | ૨૧ |
| ૧૪. | ચૂંટણીકાર્ડ નકલ | ૨૨ |
| ૧૫. | ગેઝેટની નકલ **(રીજર્વ ફોરેસ્ટ)** | ૨૩ |
| ૧૬. | રોજકામ | ૨૭ |

**બચાવ પક્ષે આંકે પાડેલા દસ્તાવેજો : –**

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧.** | એફ.આઈ.આર | ૧૧૯ |
| **૨.** | ચાર્જશીટ | ૧૨૦ |
| **૩.** | આરોપી નં.૧ ની જુબાની | ૧૨૧ |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો : –**

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલ ની વિગતો : –**

| **ક્રમ નં.** | **આર્ટીકલ/પાવતી નં.** | **મુદ્દામાલની વિગત(વર્ણન)** |
|---|---|---|
| – | – | – |

# JUDGMENT

## – : : ચુ કા દો : : –

(૧) **ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** આ કામના ફરીયાદી વનપાલ તરીકે ની ફરજમાં હતા અને મોજે વાંસેરા જંગલ જમીનમાં કરેલ વાવેતરના રોપાઓ ઉખેડવાનો ગુનો થતાં આરોપીઓ પાસેથી જંગલમાં કરેલ નુકશાન બાબતે કાર્યવાહી કરવા તા.૦૨/૦૮/૨૦૧૭ તથા તા.૧૦/૦૮/૨૦૧૭ નારોજ ગયેલા હતા તથા ગુનાકામ જાહેર કરેલ હતું અને પ્રથમ ગુન્હા રીપોર્ટ નં. – ૧૦/૨૦૧૭ – ૧૮ તા.૦૨/૦૮/૨૦૧૭ તથા વન ગુન્હા રીપોર્ટ નં.૧૧/૨૦૧૭ – ૧૮ તા.૧૦/૦૮/૨૦૧૭ નારોજ આ કામના ફરીયાદીના રેંજના પરીક્ષેત્ર વન અધિકારીશ્રી શ્રી કે.એમ.ડામોર તથા અન્ય કર્મચારી તથા રોજમદાર તથા એસ.આર.પી. ના જવાનો સાથે હતા ત્યારે આરોપીઓએ ગુનો કબુલ કરી દંડ ભરવાની સંમતિ આપેલ અને જામીન ઉપર મુકત કરેલ હતા. અને આ ગુનો બેલ તે જંગલ સરકાશ્રીના ગેઝેટ મુજબ માહે. મે, તા.૨૨, સને. ૨૦૦૦ થી કલમ – ૪ હેઠળ અનામત જંગલ તરીકે ઠરાવના નિર્દિષ્ઠ કરેલ છે અને આરોપીઓએ આ કૃત્ય કરેલ હોય **ભારતીય વન અધિનિયમ – ૧૯૨૭ ની કલમ : ૨૬(૧)એ(ક), ૨૬(૧)ડી(ચ), ૨૬(૧)(ઝ),** કલમ અન્વયે નિયમોના ભંગ કરી શિક્ષાને પાત્ર ગુન્હો જે બાબતની ફરીયાદ ફરીયાદીએ અત્રેની અદાલતમાં કરેલ છે.

(૨) આ કામના આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓ સામે ઉપરોકત ગુન્હા નું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યાર બાદ કિ.પ્રો.કોડ ની કલમ – ૨૦૭ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ,આરોપીઓનું **આંક – ૧૦૬** થી **આંક – ૧૦૮ સુધી** નીવેદન નોંધવામાં આવે અને જે નિવેદનમાં આરોપીને

ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો કર્યા અંગે ઈન્કાર કરતા સદરહુ કામે ફરીયાદ પક્ષ દ્વારા, આરોપીઓ સામે તોહમત પુરવાર કરવા માટે, ઉપરોક્ત ફોર્મ – સી દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૩) ત્યાર બાદ સદરહુ કામે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં જણાવેલ છે કે, અમો આરોપી નં.૧, ૨ અને ૩, નાઓને ફો.અધિકારી બી.વી.પુંજારા, તથા રણજીતસિંહ જાડેજા નાએ માર મરેલા તેના બાબત શામળાજી પો.સ્ટે ગુનો દાખલ થયેલ છે, જેથી બચાવ માટે હાલની ફરિયાદ તથા ચાર્જસીટ ખોટી રીતે કરલે છે તેમજ પુરાવા લીસ્ટ ફોટોગ્રાફ, એફ.આર, ચાર્જશીટની નકલો આરોપીઓએ રજુ કરલે ધ્યાને લેવા વિનંતી છે. વધુમાં, તેઓએ નિર્દોષ હોવાનું કથન કરેલ.

(૪) બાદ, **ફરીયાદ પક્ષે, વિ.એ.પી.પી.શ્રીની,** મુખ્ય દલીલ છે કે, સદર કામે રજૂ થયેલ લેખિત દસ્તાવેજી આધારો તથા ત્રોણે આરોપીઓની આર.એફ.ઓ, રૂબરૂની કબૂલાત ધ્યાને લેવામાં આવે તો, આરોપીએ એ સ્પસ્ટ પણે લેખિતમાં તમામ સાહેદો અને એસ. આર.પીના અધિકારી રૂબરૂ તેઓ દ્વારા, ફોરેસ્ટની જમીનપર સર્વે નં. ૭૬માં ઉગાડેલ રોપા ખેતી કરવા માટે ઉખાડી નાખેલ છે તેવી કબૂલાત કરલે છે અને, તે રોપાની નુકશાની ભરવાની બાંહેધરી લેખિતમાં આપેલ છે. આ તબ્બકે, ફરિયાદ પક્ષે તેઓની દલીલોના સમર્થનમાં, આર.એફ.ઓ રૂબરૂ તથા તમમાં સાહેદોની રૂબરૂ આરોપીઓ એ કરેલ કબૂલાત ધ્યાને એલવામાં આવે તો, તેઓની દલીલ છે કે, ભારતીય પુરાવા અધિનિયમ, ની **કલમ – ૨૫ એન ૩૦** હેઠળ, આર. એફ. ઓ રૂબરૂની કબૂલાત પુરાવામાં ગ્રાહ્ય છે અને, આર.એફ.ઓ, પોલીસ અધિકારના ગણાય જેથી તેઓ રૂબરૂની કબુલાત પુરાવામાં ગ્રાહ્ય ગણાય તેવી દલીલ કરલે છે અને તેતેઓની દલીલના સમર્થનમાં, નામદાર, બોમ્બે હાઈ કોર્ટનો ચુકાદો, **1994 SCC ONLINE BOM**

254, **Dr. Emerico D'Souza vs. State Through The Deputy Conservator of Forest. Date** : 08, **July** 1994. **Criminal Misc. Application No.** 140 **of** 1993. વધુમાં, ફરીયાદી તરફે દલીલ છે કે, આરોપીઓ, અવાર નવાર ફોરેસ્ટ ની જમીન પર ગેરકાયદેસર રીતે ખેડાણ કરે છે અને ફોરેસ્ટની પ્રોપર્ટીને નુકાશાન કરેલ છે. જેથી આરોપીઓને યોગ્ય નસીહત અને સજા કરવા તથા દંડ કરવા અરજ કરેલ છે.

**જયારે,** આરોપી પક્ષે, આરોપી નં.૧ થી ૩, તરફે, **વિ. વકીલશ્રી, કે.ટી.પાંડોરની,** દલીલો સાંભળવામાં આવી, તેઓની મુખ્ય દલીલ છે કે, આરોપીઓ વિરુદ્ધ ખોટી ફિરયાદ અને ખોટી તપાસ કરેલ છે, આરોપી ઓએ કોઈ સ્વૈછીક નિવેદન આપેલ નથી પરંતુ, આરોપીઓ પર દબાણ લાવવા માટે, અને ધાક ધમકી આપી અને મારકૂટ કરી ફોરેસ્ટ ની ઓફસમાં આર.એફ.ઓ દ્વારા બળ જબરી પૂર્વક કબુલાત કરાવેલ છે, આરોપીની ગુનાહ ની કબુલાત સ્વેચ્છા પૂર્વક ની નથી. પરંતુ, આરોપી ઓને તેઓના ગામમાં તેઓના ઘરે થી ઉપાડી લઇ જઈ અને જાતી વિષયક અપમાન જનક અપ શબ્દો બોલી ઈલ ટ્રીટમેટન કરી અને, ધાક ધમકી થી એસ.આર.પી ની મદદ લઇ અને આરોપીઓ વિરુદ્ધ ગુનો ઉભો કરવા માટે, હાલની ફરિયાદ દાખલ કરેલ છે. અને ખોટી તપાસ કરેલ છે. તમામ સાહેદો આર.એફ.ઓના તાબાના અને ફોરેસ્ટના કર્મચારી છે. સાથે, એસ.આર.પી ના અધિકારીના નિવેદનો લીધેલ છે અને, તે પણ બનાવ વિષે સ્પસ્ટ કોઈ માહિતી ધરાવતા નથી પરંતુ, ફરીયાદી અને આર.એફ.ઓ સાથે આરોપીઓના ગામમાં આરોપીઓને અટક કરવા ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. આરોપીઓને રોપા ઉખાડતા કે ખેતી કામ કરતા કોઈએ નજરે જોયેલ નથી, બનાવ તા.૦૧ નો છે તેનું પંચક્યાસ તા.૦૨ ના રોજ નું છે. વધુમાં, થયેલ નુકશાન અંગે કોઈ સ્પસ્ટ હકીકત ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરવાર કરેલ નથી. અને પંચ ક્યાસ અને પંચ નામાના પંચો ને સાહેદ તરીકે બોલાવી તપાસેલ

નથી. જેથી આરોપીઓની સીધી કે આડ કતરી રીતે હાલના ગુન્હામાં ઇન્વોલ્વ મેન્ટ પુરવાર થયેલ નથી. વધુમાં, આરોપીઓ એ તેજ દિવસે ફોરેસ્ટ ઓફીસર અને ફિરયાદી વિરુદ્ધ ગુન્હો દાખલ કરાવેલ છે. જેની નકલ, એફ.આઈ.આર સેકન્ડ ગુ.ર.નં. ૩૧૪૧/૨૦૧૭ તા.૧૩/૦૮/૨૦૧૭ થી પુંજારા સાહેબ અને રણજીતસિંહ અનવરસિંહ નામના બન્ને ફોરેસ્ટ ઓફિસર વિરુદ્ધ ગુન્હો દાખલ કરલે છે તેની નકલ રજુ કરલે છે. સાથે બન્ને અધિકારીઓ વિરુદ્ધ ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, તથા એટ્રોસીટી એક્ટ ૩(૧)(જી)(આર)(એસ), તથા કલમ ૩(૨)(૫–અ) મુજબનો ગુન્હો નું ચાર્જસીટ સેસન્સ કેસ (એટ્રોસીટી) ૧૨/૨૦૨૦ થી ચાર્જસીટ રજુ થયેલ છે તે ની નકલ રજુ કરલે છે. સાથે, આરોપી નં.૧ દ્વારા નામ. સેસન્સ કોર્ટમાં એટ્રોસીટી કેસ નં. ૧૨/૨૦૨૦ ના કામે, આંક : ૨૩ થી નોધાયેલ જુબાની ની કોપી રજુ કરલે છે. અને દલીલ કરલે છે કે, આરોપીઓએ આર.એફ.ઓ વિરુદ્ધ ફરીયાદી અને ગુન્હો દાખલ કરાવેલ હોઈ જેથી બચાવમાં હાલની ખોટી ઉભી કરેલ ફરિયાદ દાખલ કરલે છે. અને કોઈ નિષ્પક્ષ તપાસ કે તટસ્થ ફોરેસ્ટ ઓફીસના અને એસ.આર.પી ના અધિકારી સિવાયના કોઈ નજરે જોનાર સાહેદોના તપાસના કામે કે ગામના માણસો કે સરપંચનું તપસના કામે નિવેદન લીધેલ નથી કે, સાહેદ તરીકે બોલાવી તપાસેલ નથી. આમ હાલના આરોપી નં.૧ થી ૩, વિરુદ્ધ કોઈ દેખીતો પુરાવા ના હોઈ ખોટી તપાસ અને ખોટી ફિરયાદ બચાવમાં ફોરેસ્ટ ઓફિસર દ્વારા ઉભી કરેલ છે અને તેમાં સાહેદો ફોરેસ્ટ ઓફીસના કર્મચારી હોઈ જેથી સ્વાભાવિક રીતે તેઓના ઉપરી અધિકારી ને મદદ રૂપ થવા હાલની ખોટી જુબાની સોગંદ પર આપેલ હોઈ જેથી આરોપીઓ નિર્દોષ હોઈ છોડી મુકવા અરજ કરલે છે.

જયારે, **આરોપી નં. ૪ તરફે, વી.વકીલશ્રી, બી.એસ.કોટવાલ** ની મુખ્ય દલીલ છે કે આરોપી નં. ૪ વિરુદ્ધ કોઈ ફરિયાદ દાખલ થયેલ નથી. અને, તેઓનો કોઈ રોલ પણ હાલના ગુન્હામાં નથી અને

તેઓ દ્વારા ફોરેસ્ટની જમીન પર કોઈ અતિકરમણ કરલે હોઈ કે આરોપી નં. ૧ થી ૩ ને મદદગારી કરલે હોઈ તેવો કોઈ સાહેદી પુરાવા કે કેસ નથી. તેમ છતાં હાલના આરોપી નં. ૪, વન સમિતિના ચેરમેન હોઈ તેથી તેઓની વિરુદ્ધ રાજકીય વગ થી દ્વેષ ભાવ રાખી ખોટી રીતે હલના ગુન્હામાં જોડી દેવામાં આવેલ છે. સદર આરોપી સદંતર નિર્દોષ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરલે છે.

(૫) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે અત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે : –

**– :: મુદ્ધા :: –**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરે છે કે, ''આ કામના ફરીયાદી વનપાલ તરીકેની ફરજમાં હતા અને મોજે વાંસેરા જંગલ જમીનમાં કરેલ વાવેતરના રોપાઓ ઉખેડવાનો ગુનો થતાં આરોપીઓ પાસેથી જંગલમાં કરેલ નુકશાન બાબતે કાર્યવાહી કરવા તા.૦૨/૦૮/૨૦૧૭ તથા તા.૧૦/૦૮/ ૨૦૧૭ ના રોજ ગયેલા હતા તથા ગુનાકામ જાહેર કરેલ હતું અને પ્રથમ ગુન્હા રીપોર્ટ નં.૧૦/૨૦૧૭–૧૮ તા.૦૨/૦૮/ ૨૦૧૭ તથા વન ગુન્હા રીપોર્ટ નં.૧૧/૨૦૧૭–૧૮ તા.૧૦/૦૮/ ૨૦૧૭ નારોજ આ કામના ફરીયાદીના રેંજના પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, કે.એમ.ડામોર તથા અન્ય કર્મચારી તથા રોજમદાર તથા એસ.આર.પીના જવાનો સાથે હતા ત્યારે આરોપીઓએ ગુનો કબુલ કરી દંડ ભરવાની સંમતિ આપેલ અને જામીન ઉપર મુકત કરેલ હતા. અને આ ગુનો બનેલ તે જંગલ સરકાશ્રીના ગેઝેટ મુજબ માહે મે, ૨૨/૨૦૦૦ થી કલમ – ૪ હેઠળ અનામત જંગલ તરીકે ઠરાવના નિર્દિષ્ઠ કરેલ હોય ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ : ૨૬(૧)એ(ક), ૨૬(૧)ડી(ચ), ૨૬(૧)(ઝ), કલમ અન્વયે, આરોપીઓએ નિયમોના ભંગ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |

| (૨) | **શું હુકમ ?** |
|---|---|

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ. (શંકાનો લાભ)

**– :: કારણો :: –**

**મુદ્દા નં. ૧ ના નિર્ણય માટે ના કારણો : –**

(૮) **ભારતીય પુરાવા ધારાની કલમ – ૩ તથા કલમ – ૧૬૫ ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો** પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકીકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન **ભારતીય પુરાવા ધારાની કલમ – ૧૦૧ થી કલમ – ૧૧૫ ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે.** ફોજદારી ઈનસાફી કાર્યવાહીનો સિદ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ **ભારતીય પુરાવા ધારાની કલમ – ૩** માં જણાવ્યા પ્રમાણે સાબિત તથા ના – સાબિતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો પડે અને જો ફરિયાદ પક્ષના કેસમાં કોઈ પણ પ્રકારની શંકા ઊભી થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળે અને આરોપીઓ જો તેમનો બચાવ સાબિત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ **પ્રિ – પોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીના** સિદ્ધાંત મુજબ સાબિત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીઓ પક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે, નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરિયાદ પક્ષને મળે નહિ અને વાજબી શંકાથી પર ફરિયાદ પક્ષનો કેસ સાબિત થાય નહિ અને જેથી ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા અંગે સાબિતીનો ભાર હંમેશા ફરિયાદ પક્ષ ઉપર જ રહે છે તે ક્યારેય આરોપી પક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતાં આરોપીઓ પક્ષે **ઈન્ડિયન પીનલ કોડની કલમ – ૭૬ થી ૧૦૬** મુજબનો કોઈ સ્પષ્ટ

બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી, પરંતુ, આરોપીઓને બળ જબરી પૂર્વક ફોરેસ્ટ ઓફિસ બોલાવી અને માર મારેલાની અને જાતિ વિષયક અપશબ્દો બોલી અપમાનિત કરેલ હોવાનો બચાવ લેવામાં આવેલ છે, અને તેઓના બચાવમાં આરોપી તરફે આંક : ૧૧૯ થી ૧૨૧ સુંધીના આધારો રજૂ કરલે છે, જેમાં, ફોરેસ્ટ ઓફિસરશ્રી પૂજાર અને જાડેજા વિરુદ્ધ એટ્રોસિટી એક્ટની આરોપીઓએ ફરિયાદ આપેલ છે અને માર મારેલ હોવાની ફરિયાદ આપેલ છે આ તબ્બકે, **ભારતીય પુરાવા ધારાની કલમ – ૦૩, ૧૦૧ થી ૧૧૫** ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. વધુમાં, નામદાર **SUPRIM COURT INDRAJITSINH Vs STATE (N.C.T OF DILHI) WITH AMARMSING Vs. STATE (N.C.T. OF DILHI)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, સામાન્ય નિયમ તરીકે કોઈ એક જ નજરે જોનાર સાહેદની જુબાની ઉપર જો તે વિશ્વસનીય જણાતો હોય તો કોર્ટ તેના ઉપર આધાર રાખી શકે છે અને તેમાં કોઈ કાનુની અવરોધ હોતો નથી. **સાક્ષીઓની સંખ્યા નહિ પરંતુ ગુણવત્તા મહત્ત્વની છે.** એવો સિદ્ધાંત છે કે, પુરાવાનું મુલ્યાંકન થવું જોઈએ, ગણતરી નહિ અને આજ **ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ નો** સિદ્ધાંત છે. કોર્ટે માત્ર એટલું જ જોવાનું છે કે, પોતાની સમક્ષ રજૂ થયેલ પુરાવામાં સત્યતા, સબળતા, વિશ્વસનીયતા છે કે નહિ. **આથી અત્રેની કોર્ટે બિનજરૂરી સમય બગાડયા વગર માત્ર મહત્વના સાહેદો તપાસ્યા છે કે જેમની જુબાની થી કેસના ન્યાય નિર્ણય સુધી પહોંચી શકાય.** વધુમાં, **The Hon'ble Supreme Court in State of U.P. Vs. M. K. Anthony [AIR 1985 SC 48],** has held that: "Appreciation of evidence, the approach must be whether the evidence of the witness read as a whole, appears to have a ring of truth. Once that impression is formed, the Court should scrutinize the evidence keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate

them to find out whether it is against the general tenor of the evidence given by him and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper−technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole" **વધુમાં, In Hari Om vs State (N.C.T) [Crl.A.No.605 OF 2007], the Hon'ble Delhi High Court** discussing the aspect of contradictions in the testimony of a witness held as under: **16.** ........The contradiction, if any, on the question as to what the father of the prosecutrix was doing in the house, cannot at all be said to be material considering the fact that reply to such questions related to peripheral aspects of the case are given only by whatever one is able to recollect at the time when he is examined in court. Everyone cannot recollect minor details of a past incident with complete accuracy and he, while replying to such questions, gives an answer based upon his recollection of the event at that point of time. Therefore, minor contractions on such peripheral issues which do not constitute the core of the matter, cannot be said to be material and not much importance can be attached to these minor discrepancies which are otherwise bound to come in the case of truthful witnesses. Since everyone does not have equal power of

observation, retention and reproduction, which varies from individual to individual, there is bound to be some difference while giving details un- related to the main incident. The approach of the court while evaluating the testimony of a witness should be to see whether his/her evidence, when examined as a whole, appears to be true, or not. If the impression formed by the court is that the witness appears to be truthful and trustworthy, his/her evidence needs to be scrutinized taking into consideration the discrepancies and infirmities pointed out in his /her evidence and the court should then evaluate the testimony of the witness, to decide whether the evidence given by him/his in the court stands impeached or shaken, rendering him/her unworthy of reliance, in the light of the discrepancies or infirmities pointed out in his/her testimony. This is more so, when the witness comes from a lower strata of the society and, therefore, does not have the temperament or the capacity to match the skills and training of an experienced lawyer who cross-examined him/her in the court. Minor discrepancies in the testimony of such witness, which are not related to the core issue involved in the case, need not be given much importance and the testimony of such witnesses should not be discarded on account of such minor discrepancies or infirmities. વધુમાં, **Shivraj Bapuray Jadav -vs- State of Karnataka ( Supreme Bound Reports,** 2003 (8) ) wherein it has been held that - " Trivial discrepancies would not undermine credibility of truthfulness of evidence of

witnesses". વધુમાં, આ તબ્બકે , section 134 of Evidence Act ધ્યાને લઈ એ તો, it, speaks that no particular number of witnesses shall in any case be required for the proof of any fact. Further, it has been laid down in Binay –vs– State ( 1997) 1 SCC 283 that –" Evidence has to be weighed and not counted." ઉપરોક્ત વિગતે રેકર્ડ પર રજુ થયેલ સાહેદી અને સ્તાવેજી પુરાવા નું એક સાથે મુદા નં – ૧ અને ૨ ના નિર્ણય પર પહોચવા માટે એક સાથે સમગ્ર પુરાવા અને તકરારી હકીકતો નું મુલ્યાંકન કરતા પહેલા આરોપીઓ દ્ધારા જે ગુનો આચરવાનો આક્ષેપ કરવામાં આવેલ છે, તે ગુના સબંધી ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ : ૨૬(૧)એ(ક), ૨૬(૧)ડી(ચ), ૨૬(૧)(ઝ), કલમ અન્વયે કલમો અને તે ગુનો થયેલ હોવા અંગે ની હકીકત પુરવાર થવા આવશ્યક પરી બળો અને પૂર્વ સરતો અહી ધ્યાને લેવી અતિ આવશ્યક છે. જે હવે પછી વિગતે નીચે દર્શાવ્યા મુજબ ની છે.

**(૯) આ તબ્બકે, આરોપીઓ સામે નોધાયેલ ગુનાની કલમો અહી ધ્યાને લેવામાં આવે તો, ..**

**Section 3** : of the Indian Forest Act empowers the State government to declare any 'forest land' or 'waste land' whose ownership lies in the hands of the government as a 'reserved forest'. It also requires that a certain procedure be adhered to in order to constitute such a forest:

1. The State government should publish a formal notice in its official gazette stating its intention to reserve a forest in a specific location.

2. Further, a settlement officer must be appointed to look into any claims arising against the land.
3. No new rights to the proposed land for reservation may be granted to the notified land from the date on which such a notification is issued, unless approved by the forest settlement officer.
4. Once all claims are settled or the time prescribed for settling claims runs out, the notified land shall officially be deemed a reserved forest.

Once a forest is declared as a 'reserved forest', **Section 26 of the Act,** takes effect. It provides a comprehensive list of activities that are outlawed in such forests:

1. "Clearing of forests, for cultivation or for any other purpose.
2. setting fire or leaving any fire burning, or keeping or carrying any fire, in such a way so as to endanger forest.
3. trespassing or pasturing cattle.
4. causing damage by negligence in felling any tree or cutting or dragging any timber.
5. felling, girdling or burning any tree, stripping of barks or leaves of any tree.
6. quarrying stone, burning lime or charcoal, or removing any forest produce.
7. cleaning or breaking up of any land.
8. hunting, shooting, fishing, poisoning water or setting traps or snares.

9. killing or catching elephants".

**Further,** An individual found participating in any such activity would be liable to be punished with a fine up to five hundred rupees or imprisonment of upto six months respectively, or both. Furthermore, the convicting court may hold them liable to compensate the state for the damages caused to the forest.

**Section 28 :** the act aims to deliver specific rights to the residents of villages located in these reserved forests in exchange for their involvement and contribution to the management, security, and development of these forests.

**Section 28** : –

**Clause(1)** Empowers the government to allocate the right to land that is reserved under Chapter II to certain village communities to manage them on their behalf whereas.

**Clause (2)** authorises the govt to formulate rules for such management.

**Section 29 :** states have the power to declare any waste land or forest land that has not been previously reserved under Chapter II, as a protected forest. Furthermore, **Section 30** permits states to reserve any species of tree, prohibit the use for forest produce and suspend the

rights of private persons to that forest for a period of thirty years.

**Section 30 :** must be read in conjunction with **Section 31** of the Act. The notifications made under Sec. 30 of the Act are ineffective unless they are translated into the regional local languages and broadcast under Sec. 31.

**Section 32 :** confers power in the hands of the State Government to furthermore formulate rules to regulate the "cutting, sawing, conversion, or removal of trees" in protected forests. They also have the authority to prohibit any "encroachment, breaking up or clearing the land in a protected forest for cultivation, for building, for herding cattle or for any other purpose".

**Section 33 :** provides for penalties in case of breach of the rules mentioned in Section 30 and 32. Individuals convicted of these offences can incur punishments ranging from **imprisonment for a term of 6 months to a 500 rupees fine, or both.**

The act stipulates 8 types of encroachments to protected forests under **Section 33 :**

1. The cutting or tapping of any trees that are reserved under section 30.
2. The stripping of the bark or leaves of a trees that are reserved under section 30.

**3.** The quarrying or mining of any mineral that introduces manufacturing processes or relocates any forest–produce in contravention with section 30

**4.** Cutting down or dragging timber causing damage trees that are reserved under section 30

**5.** The clearing of land in a protected forest for the purposes of cultivation or any other use

**6.** Lighting any such forest on fire wilfully or due to gross negligence

**7.** Permitting cattle to cause damage to such forests

**8.** Infringe any rules made by the state under section 32.

**In comparison,** Section 33 (Protected forests) unlike Section 26 (reserved forests) does not provide for the award of compensation in addition to punishment for damages caused. Moreover, in Protected Forests, cutting down or damaging reserved tree species is prohibited whereas in Reserved and Village Forests the entirety of the forest land is protected.

(૧૦)**ઉપરોકત,** મુદ્દાઓ પરત્વે તારણ પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે. સદર મુદ્દાની સાબીતીનો બોજો **ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૩, સાથે કલમ – ૧૦૧ થી ૧૦૩,** મુજબ ફરિયાદ પક્ષ પર હોઈ તે દુર કરવા ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમાફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા **આંક–૦૮ થી ફરીયાદી ભીખાભાઈ ભેમાજી પુજારા,** ફોરેસ્ટર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ

કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સર તપાસમાં જણાવેલ છે કે, હુ ફોરેસ્ટર તરીકે શામળાજી રાઉન્ડ ખાતે ફરજ બજાવું છુ. રાઉન્ડમાં ૧૨૩૦ હેકટર ની જમીન નો સમાવેશ થાય છે. અમારા રાઉન્ડમાં કુલ ચાર બીટ છે. જે પૈકી શામળાજી, દેવ ની મોરી, કુશ્કી અને વાંસેરા છે. **તા.૦૧/૦૮/૨૦૧૭ ના રોજ વાંસેરા બીટ ના સહાયક વનરક્ષક ઉમેશભાઈ ડામોર ફેરણુ કરવા ગયેલા તે દરમ્યાન વાંસેરા જંગલ સર્વે નં.૭૬ પૈકીની ૧૫ હેકટર ની જમીનમાં કુલ ૬,૬૬૦ રોપાનું વાવેતર કરેલ હતું જેમાં થી ગણતરી કરતાં ૪૩૦૦ રોપા કોર્ટમાં હાજર આરોપી ઓએ ઉખેડી નાંખેલ હતા. જે અંગે ની જાણ મને બીટ ગાર્ડે કરેલી. જેથી અમો અમારા બીજા સ્ટાફને લઈ ને સ્થળ ઉપર ગયેલા, ત્યાં જઈ સ્ટાફ અને પંચોની હાજરીમાં રોપા ઉખેડ્યા અંગેનુ પંચ કયાસ કરેલ. જે અસલ પંચ કયાસ આજરોજ સાથે લાવેલ છે. જેમાં મારી તથા પંચોની તથા બીટ ગાર્ડની સહી છે જે હુ ઓળખુ છું. અસલ પંચ કયાસ આંક – ૦૯/૬૫ થી રજુ થયેલ છે.** વધુમાં, ફરીયાદી જણાવે છે કે, અમોએ સ્ટાફ સાથે વાંસેરા બીટ ખાતે જઈ એફ.ઓ.આર. (**ફોરેસ્ટ ઓફેન્સ રિપોર્ટ**) નોંધેલ, જેની ઓફિસ કોપી આજરોજ સાથે લાવેલ છુ, જેમાં મારી તથા બીટ ગાર્ડ ની સહી છે, જે હુ ઓળખુ છુ, એફ.ઓ.આર. ની ઓફીસ કોપી આંક–૧૦ થી રજુ કરલે છે, વધુમાં, ફરીયાદી જણાવે છે કે, **અમો આરોપીના ઘરે જઈ તેઓને પકડી લાવેલ અને તે અંગેનું પંચનામુ આર.એફ.ઓ, એ કરેલ અને આર.એફ.ઓ, શ્રીએ આરોપીઓના નિવેદન નોંધેલ જેમાં આરોપીઓએ પોતે ગુનો કબુલ કરેલ હોવાનું સ્વિકારેલ, જેમાં આરોપી ખરાડી નાનજીભાઈ કાનજીભાઈ, ખરાડી અર્જુનભાઈ નાનજીભાઈ અને ખરાડી સિદ્ધરાજભાઈ નાનજીભાઈ એ અમારા રૂબરૂમાં સહી કરેલી.** જે અસલ પંચનામુ તથા બાહેંધરી ખત આજરોજ સાથે લાવેલ છુ. જેમાં મારી તથા આરોપીઓ તેમજ આર.એફ.ઓ. શ્રી,કે.એમ.ડામોર ની સહી છે. જે હુ ઓળખુ છુ, જે અંગે નું પંચનામુ આંક–૧૧ થી રજુ કરલે છે. વધુમાં, ફરીયાદી જણાવે છે કે, **આરોપી નાનજીભાઈ કાનજીભાઈ ખરાડીનું બાહેધરી ખત આંક–૧૨ થી રજુ છે, આરોપી અર્જુનભાઈ**

**નાનજીભાઈ ખરાડી નું બાહેધરી ખત આંક–૧૩ થી રજુ છે, આરોપી સિદ્ધરાજભાઈ નાનજીભાઈ ખરાડી નું બાહેધરી ખત આંક–૧૪ થી રજુ છે, ત્રણેય આરોપી નુ સંયુક્ત બાહેધરી ખત આંક–૧૫ થી રજુ છે, આરોપીઓ નુકશાની ની રકમ ભરવા તૈયાર દર્શાવતા આર.એફ.ઓ. શ્રીએ તે અંગેનું બાહેધરી ખત લીધેલ. જે અસલ સાથે લાવેલ છુ. જેમાં આર.એફ.ઓ., મારી તથા આરોપીઓની સહી છે. જે હુ ઓળખુ છુ. નુકશાની ભરવાનું બાહેંધરી ખત આંક–૧૬ થી રજુ છે.** વધુમાં, ફરીયાદી જણાવે છે કે, આરોપીઓ પાસે થી નાણાં ભરપાઈ કરવા માટે બે જામીન મંગાવેલ, જે જામીનદારનું જામીન ખત લીધેલ જેમાં જામીનદાર ખરાડી સુરમાજી કાનાજી એ અંગુઠો કરેલ અને તેના આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ રજુ કરેલ. જે અસલ જામીન ખત તથા આધાર કાર્ડ અને ચુંટણી કાર્ડની ઝેરોક્ષ સાથે લાવેલ છે જે અનુક્રમે આંક : ૧૭, ૧૮ અને ૧૯ થી રજુ છે. તે જ રીતે ખરાડી લક્ષ્મણભાઈ અઢેળાજી એ સહી કરી જામીન ખત આપેલ તેમજ આધાર કાર્ડ અને ચુંટણી કાર્ડ રજુ કરેલ. જે આંક – ૨૦ થી ૨૩ સુધી રજુ છે. **વધુમાં, ફરીયાદી જણાવે છે કે, અમોએ આરોપીઓને ચલણ બનાવી સૂચના આપેલ કે, તમો આ પૈસા બેંકમાં જમા કરાવી દો ત્યાર બાદ અમો તમને પૈસા જમા કરાવ્યાની પહોંચ આપી શુ પરંતુ આરોપીઓએ ચલણ મુજબ ની રકમ બેંકમાં જમા કરાવેલ નહી. જેથી આર.એફ.ઓશ્રી એ પોસ્ટ મારફતે નોટીસ આપેલી.** ત્યાર બાદ પણ આરોપીઓ પૈસા ભરવા આવેલા નહી. જેથી હાલની ફરિયાદ કરેલ. કોર્ટના રેકર્ડમા થી ફરીયાદ બતાવતા તેમાં ફરીયાદ કરનાર તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ. વાંસેરા ગામને વન તરીકે કરતો ગેઝેટ ની નકલ આજરોજ સાથે લાવેલ છું. જે રજુ કરે છે. ગેઝેટની નકલ આંક – ૨૩ થી રજુ છે. વધુમાં, ફરીયાદીએ આરોપીઓને કોર્ટ રૂબરૂ હાજર હોઈ ઓળખી બતાવેલ છે. ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૨૬ થી સાહેદ કે.એમ.ડામોર, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી,** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટરૂબરૂ પોતાની સોગંદ પરની સર તપાસમાં સ્પસ્ટ પણે જણાવેલ છે કે, **બનાવ વખતે હું**

**શામળાજી ખાતે રેન્જ ફોરેસ્ટ ઓફીરાર તરીકે ફરજ બજાવતો હતો. ગઈ તા.૦૨/૦૮/૧૭ ના રોજ વાંસેરા જંગલ વિસ્તારમાં વાવેતર કરેલા રોપા ઉખેડી નાંખવાનો ગુનો બનેલ. વાંસેરા બીટમાં ફરજ બજાવતા બીટ ગાર્ડ ડામોર નાઓએ અમોને જાણ કરી ગુનો જાહેર કરેલ. જેથી મે ગુનો દાખલ કરી, ઉપલી કચેરીમાં જાહેર કરેલ. તે બાદ વનપાલે જે વ્યક્તિઓએ રોપા ઉખેડી નાંખેલા હતા તેઓના નિવેદન નોંઘેલ. હવે હુ કહુ છુ કે, નિવેદનો નોંધવાના હતા પરંતુ બે ત્રણ વાર વનપાલ નિવેદન નોંધવા ગયેલ પરંતુ રોપા ઉખેડી નાંખનાર વ્યકિતઓ નિવેદન આપવા માટે હાજર મળેલ નહી.** જેથી વનપાલે તે અંગેની જાણ મને કરતાં, તા.૧૦/૦૮/૧૭ ના રોજ હુ તથા અન્ય સ્ટાફના માણસો સાથે વાંસેરા જંગલ ખાતે તપાસ માં ગયેલ. તે સમય દરમ્યાન સદરહુ ત્રણ વ્યક્તિઓ સ્થળ ઉપર રોપા ફરી વાર ઉપાડતા જોવા મળેલ. જે લોકો અમોને જોઈ ભાગી ગયેલા, આ રોપાઓ વાંસેરા જંગલમાં થી જ ઉપાડતા હતા. **રોપાઓ છ જાતના હતા. જેમાં વાંસ, ખેર, સીતાફળ, અરડુસા, સાદળની જાત ના હતા. આરોપીઓ ભાગી જતા અમુક ટાફના માણસો તેમનો પીછો કરેલ અને અમો વાહન લઈ સીધા આરોપીઓના ગામ સુનોખ ગયેલા. સુનોખ ખાતે અમોને બે વ્યક્તિઓ મળેલા. તેઓની પુછપરછ કરતાં નિવેદન આપવાનું કહેતા તેઓએ ઉશ્કેરાઈ જઈ ને બુમાબુમ કરી, લાકડીઓ અને પથરા લઈને પાછળ પડતા અમો કાયદાનો સુલેહ ભંગ ન થાય તે માટે અર્જુનભાઈ નાનજીભાઈ ખરાડી, સિદ્ધાર્થ નાનજીભાઈ ખરાડી ને અમો અમારી રેન્જ કચેરી શામળાજી ખાતે નિવેદન માટે લઈ ગયેલ. જ્યાં તેઓના નિવેદનો લેવામાં આવેલ.** તેઓએ ૪૩૦૦ રોપા નું નુકશાન કરેલ હતુ. તેઓએ પોતાનું ગુનો પણ કબુલ કરેલ. ત્યાર બાદ નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી આવતાં તેઓનુ પણ નિવેદન લેવામાં આવેલ. તેઓએ પણ ૪૩૦૦ રોપા ઉખેડી નાંખ્યાનો ગુનો કબુલ કરેલ. આ ૪૩૦૦ રોપાનુ વિગતવારનું પંચનામું સ્થળ ઉપર પંચો તથા સ્ટાફની હાજરીમાં કરવામાં આવેલ. આ રોપા જે ત્રણ વ્યક્તિઓ ઉપાડતા હતા તેઓને હુ જોમે ઓળખી શકુ. જે ત્રણ પૈકી બે વ્યક્તિઓ આજરોજ

કોર્ટમાં હાજર છે તે તે જ છે. આ ૪૩૦૦ રોપા ની કિંમત રૂ. ૪૫,૦૦૦/– જેટલી હતી. મને આંક – ૯ વાળુ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા પંચોની તથા અન્ય સ્ટાફની સહીઓ છે. મને આંક – ૧૦ વાળુ વન ગુનાનુ પ્રથમ અહેવાલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા વનપાલ તથા બીટ ગાર્ડની સહીઓ છે. અમોએ સ્થળ ઉપર જે જે વસ્તુઓ જોયેલી તેનુ રોજકામ કરી, મે તથા અમારા સ્ટાફના માણસો તથા એસ.આર.પી.ના માણસોએ રોજકામ કરી, સહીઓ કરેલી. જે અસલ રોજકામ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા સ્ટાફની સહી છે તેમજ તેમાં એસ.આર.પી. ના માણસોની પણ સહી છે. જે હુ ઓળબુ છુ. અસલ રોજકામ રજુ દાખલ આંક મને આંક – ૧૨ વાળુ બાહેધરી ખત બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા અન્ય સ્ટાફની તેમજ આરોપી નાનજીભાઈ કાનજીભાઈ ની સહીઓ છે. જે હુ ઓળબુ છુ. મને આંક – ૧૩ વાળુ બાહેધરી ખત બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા અન્ય સ્ટાફની તેમજ આરોપી અર્જુનભાઈ નાનજીભાઈ ની સહીઓ છે. જે હુ ઓળખુ છુ. મને આંક – ૧૪ વાળુ બાહેધરી ખંત બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા અન્ય સ્ટાફની તેમજ આરોપી સિહરાજભાઈ નાનજીભાઈની સહીઓ છે. જે હુ ઓળખુ છુ. મને આંક – ૧૫ વાળુ બાહેધરી ખત બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, તેમાં મારી તથા અન્ય સ્ટાફની તેમજ ત્રણેય આરોપીઓની સહીઓ છે. જે હુ ઓળખું છું. મને આંક – ૧૬ વાળુ નુકશાની નાણા ભરવા બાબતનુ બાહેંધરી ખત બતાવવામાં આવે છે. તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા આરોપીઓની તથા સ્ટાફના માણસોની સહી છે. જે હું ઓળખુ છુ. આ બાહેંધરી ખતમાં આરોપીઓએ રોપાની નુકશાની ની રકમ સરકાર ખાતે જમા કરાવવાની બાહેધરી આપેલી. આરોપીઓએ બાહેંધરી આપતા આરોપી પાસેથી જામીન લઈ તેઓને મુકત કરેલા. મને આંક – ૧૭ વાળુ જામીન ખત બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં જામીનદાર

ની તેમજ મારી તથા અન્ય સ્ટાફની સહી છે જે હુ ઓળખુ છુ. જે જામીનદારોએ આધાર કાર્ડ રજુ કરેલ. મને આંક ૧૮ અને ૧૯ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ તે આધાર કાર્ડ જામીનદારોના છે. મને આંક – ૨૦ વાળુ જામીન ખત બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં જામીનદારની તેમજ મારી તથા અન્ય સ્ટાફની સહી છે જે હુ ઓળખુ છુ. જે જામીનદારે આધાર કાર્ડ રજુ કરેલ. મને આંક ૨૧ તથા ૨૨ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ તે આધાર કાર્ડ અને ચુંટણી કાર્ડ જામીનદારના છે. મને આંક – ૨૩ ની ગેઝેટની નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તે ગેઝેટ માં વાંસેરા ના સર્વે નં. ૭૬ પૈકીની જમીન વન તરીકે જાહેર કરેલ હોવાનું ગેઝેટ છે. આરોપીઓએ રોપા ઉખેડી નાંખી જંગલને નુકશાન કરેલ. ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૩૬ થી સાહેદ મહેશભાઈ વાલજીભાઈ ડામોર,** ફોરેસ્ટર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સર તપાસમાં જણાવેલ છે કે, "હુ સને ૨૦૧૭ ની સાલમાં હુ વનપાલ તરીકે પાલ્લા ગામે ફરજ બજાવતો હતો અને હાલમાં પણ હુ ત્યાં જ ફરજ બજાવુ છુ. વનપાલ તરીકે અમારે ફેરણુ ફરવાનુ, ખાડા ખોદાવવાની તેમજ રોપા વાવેલ હોય ત્યાં જે ચોકીદાર રાખેલ હોય તેઓની દેખરેખ કરવાની. અમો ફેરણુ ફરી જંગલની જમીનમાં કોઈ વ્યક્તિ બિનઅધિકૃત રીતે ખેડાણ કે કટીંગ કરે નહી તેનુ ધ્યાન રાખવાનુ હોય છે. અમારા પાલ્લા રાઉન્ડમાં ૨૮૬૮ હેકટરની જમીન નો સમાવેશ થાય છે. અમારા રાઉન્ડમાં કુલ ત્રણ બીટ છે. જે પૈકી અભાપુર, પાલ્લા, ઘંઘાસણ બીટ છે. **ગઈ તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ હુ પાલ્લા બીટ ખાતે હતો. તે વખતે આર.એફ.ઓ. શ્રી કે.એમ.ડામોર નાઓનુ મારી ઉપર ફોન આવેલ. તેઓએ અમોને શામળાજી રેન્જ ઓફિસ ઉપર બોલાવેલ. જેથી હુ તથા ત્રણ ગાર્ડ નામે નયનાબેન એસ. ખરાડી, વાય.આર. ખાંટ અને હેતલબેન મકવાણા એ રીતે ના માણસો રેન્જ ઓફિસ ગયેલા. આર.એફ.ઓ. શ્રીએ અમોને જણાવેલ કે, વાંસેરા બીટ રાને ૨૦૧૭–૧૮ ની સાલમાં એક પ્લોટમાં વાવેતર કરેલ છે તે જગ્યા ઉપર**

**જવાનુ છે. જેથી અમો બધા સ્ટાફના માણસો વાંસેરા બીટમાં ગયેલા. અમો વાંસેરાના સર્વે નં.૭૬ માં ગયેલા. તે જગ્યામાં ૧૫ હેકટર ની જમીનમાં કુલ ૬,૬૬૦ રોપાનું વાવેતર કરેલ હતુ જેમાંથી ગણતરી કરતાં ૪૩૦૦ રોપા ઉખેડેલા હતા. ચોકીદાર ને પુછતાં તેણે જણાવેલ કે, નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી રહે. સુનોખ, સિદ્ધરાજભાઈ નાનજીભાઈ ખરાડી રહે. સુનોખ, અર્જુનભાઈ નાનજીભાઈ ખરાડી રહે. સુનોખનાઓએ રોપા ઉખાડી નાંખેલ હોવાની હકીકત જણાવેલ. ત્યાર બાદ ઉખેડેલા રોપાની ગણતરી કરી, રોજકામ કરેલ તેમાં શામળાજીના વનપાલ બી.બી.પુજારા તેમજ વનપાલ લુસડીયા બી.સી.વેચાત, ગાર્ડ આર.એલ.ડામોર તેમજ આર.એફ.ઓ.શ્રી નાઓએ રૂબરૂ તરીકે સહી કરેલી. તે પંચનામામાં મે પણ સહી કરેલી. મને આંક-૧૧ વાળુ રોજકામ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા ઉપર જણાવેલ બીજા માણસોની સહીઓ છે. જે હુ ઓળાનુ છુ.** ત્યાર બાદ બે પંચોની હાજરીમાં આર.એફ.ઓ.શ્રીએ પંચ કયાસ કરેલ. પંચ કયાસ શી નાબતનુ હતુ તેની મને ખબર નથી. ત્યાર બાદ અમો નાનજીભાઈ કાનજીભાઈ ખરાડીનાઓના ઘરે ગયેલા. ત્યાં નાનજીભાઈ, સિદ્ધરાજભાઈ નાનજીભાઈ તથા અર્જુનભાઈ નાનજી ભાઈ હાજર મળેલા. જેથી તેઓને અમારી રેન્જઓફીસ ઉપર લઈ ગયેલા. ત્યાં જઈ આર.એફ.ઓશ્રીએ તમામના જવાબ લીધેલા. તે જવાબમાં અમોએ તેમજ આર.એફ.ઓશ્રી તેમજ વાંસેરા ના ગાર્ડ ઉમેશ ડામોર તેમજ રાધાબેન ડામોર, કુંવરબેન ભરવાડ, ગાયત્રીબેન ચૌધરી નાઓએ તેમાં સહી કરેલી. જવાબ લીધા બાદ ઉપરોક્ત આરોપીઓ રોપા ઉખાડી નાંખ્યા હતા તેનો દંડ ભરવા તૈયાર થયેલા. તે બાબતે આરોપીઓએ ગુનો કબુલ મંજુર કરેલા નુ લખાણ તેમજ દંડ ભરવાનુ લખાણ લખી આપેલ. તે લખાણમાં મે પણ સહી કરેલી અને બીજા આરોપીઓએ પણ અલગ અલગ લખાણમાં સહી કરી આપેલ. **મને આંક – ૧૨ થી ૧૬ બતાવવામાં આવે છે તે જોઈ ને કહુ છુ કે, તેમાં મારી તથા આર.એફ.ઓ. તથા આરોપીઓની સહી છે. જે હુ ઓળખુ છુ. ઉપરોકત કામગીરીમાં અમો હાજર હતા ત્યારબાદની કામગીરીમાં**

**અમો હાજર હતા નહી. આરોપીને જોયે ઓળખુ છુ.** ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૪૪ થી સાહેદ ભરતભાઇ ચંદુભાઇ વિસાત, ફોરેસ્ટર** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સર તપાસમાં જણાવેલ છે કે, "હુ સને ૨૦૧૭ ની સાલમાં હુ વનપાલ તરીકે લુસડીયા ગામે ફરજ બજાવતો હતો. વનપાલ તરીકે અમારે ફેરણુ ફરવાનું, હદબાણની દેખરેખ રાખવાની, કટીંગ ન થાય તેનુ ધ્યાન રાખવાની, ખાડા ની કામગીરી મજુર જોડે કરાવવાની, પત્થર પાળા બનાવવાની કામગીરી વિગેરે કામગીરી કરવાની હોય છે. અમારા લુસડીયા રાઉન્ડમાં ૩૫૩૨ હેકટરની જમીન નો સમાવેશ થાય છે. અમારા રાઉન્ડમાં કુલ ચાર બીટ છે. જે પૈકી દહેગામડા, મોટા કંથારીયા, પાંચ મહુડી, મોટા સામેરા બીટ છે. ગઈ તા.૧૦/૦૮/૨૦૧૭ નારોજ મારી ઉપર આર. એફ.ઓશ્રી કે.એમ.ડામોર સાહેબનો ફોન આવેલ અને જણાવેલ કે, રેન્જ ઓફીસ આવો અને વાસેરા જંગલ વિસ્તારમાં ફેરણા માટે જવાનુ છે. જેથી અમો વાસેરા જંગલ વિસ્તારમાં ફેરણા માટે નિકળેલા. અમો ફેરણામાં હતા તે દરમ્યાન સર્વે નં.૭૬ માં રોપા ઉખેડી નાંખેલા જોવા મળેલા. **આ રોપા નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી, સિદ્ધરાજભાઈ નાનજીભાઈ ખરાડી, અર્જુનભાઈ નાનજીભાઈ ખરાડી નાઓએ ઉખેડી નાંખેલા. જેથી અમો તેઓના ઘરે ગયેલા. ત્યાંના સ્થાનિક રોજમદાર રણજીતસિંહ અને બીટ ગાર્ડ યુ.વી.ડામોરે રોપા ઉપર જણાવેલ લોકો એ ઉખેડી નાંખેલાની હકીકત અમોને જણાવેલ.** આરોપીના ઘરે જઈ પુછ પરછ કરતાં બબાલ થયેલી. સિદ્ધરાજભાઈ અને અર્જુનભાઈ હાજર હતા તેઓએ બબાલ કરેલી. ત્યાર બાદ સિદ્ધરાજભાઈ અને અર્જુનભાઈ ને રેન્જ ઓફીસ લઈ ગયેલા, રેન્જ ઓફીસે આર. એફ. ઓ. શ્રી કે.એમ.ડામોર સાહેબે તેમના જવાબો લીધેલા, રેન્જ ઓફીસ ઉપર અર્જુનભાઈ નાનજીભાઈ ખરાડી, સિદ્ધરાજભાઈ નાનજીભાઈ ખરાડી અને નાનજીભાઈ કાનજીભાઈ ખરાડીનાઓના નિવેદનો નોંધેલા. નિવેદનમાં તે લોકો એ રોપા ઉખેડી નાંખેલ હોવાની હકીકત તેમજ સ્ટાફના માણસો સાથે હવે પછી કોઈ માથાકુટ કરીશુ નહી તેવી

હકીકત લખાવેલ. નિવેદનમાં આર.એફ.ઓ.સાહેબશ્રી, મે, મહેશભાઈ વાલજીભાઈ ડામોર, બી.બી.પુજારા, કે,એસ.ભરવાડ, રાધાબેન ડામોર, આર.એલ.ડામોર વિગેરે કુલ – ૩૧ જણાએ સહીઓ કરેલી. મને આંક – ૧૧ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી તથા બીજા લોકોની સહીઓ છે. જે સહીઓ અમારી હાજરીમાં કરવામાં આવેલ. ત્યારબાદ નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી, અર્જુનભાઈ નાનજીભાઈ ખરાડી, સિદ્ધારાજભાઈ નાનજીભાઈ ખરાડી નાઓની બાહેંધરીમાં સહીઓ લીધેલી, બાહેધરીમાં તેઓએ લખી આપેલ કે, સ્ટાફ જોડે અમો માથાકુટ કરીશુ નહી. જેમાં મે પણ સહી કરેલી. તે બાહેંધરીમાં કુંવરબેન ભરવાડ, જે.આર.ખરાડી, ગાયત્રીબેન ચૈધરી, એમ.વી.ડામોરનાઓએ સહી કરેલી. આ બાહેંધરી આર.એફ.ઓ. સાહેબે લીધેલી. બાહેંધરી નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી, સિદ્ધરાજભાઈ નાનજીભાઈ ખરાડી નાઓની સહી લીધેલી. મને આંક – ૧૨ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમા મારી સહી છે. જે હુ ઓળખુ છુ. અર્જુનભાઈ નાનજીભાઈ ખરાડી નાઓની પણ બાહેંધરી લીધેલ કે, કર્મચારી ફેરણુ ફરવા આવે તો કોઈ માથાકુટ કરીશુ નહી. આ બાહેંધરી આર.એફ.ઓશ્રીએ લીધેલી. તે બાહેંધરીમાં રાધાબેન ડામોર, જે.આર.ખરાડી, કુવરબેન ભરવાડ, ગાયત્રીબેન ચૌધરી તથા અમોએ સહી કરેલી. મને આંક – ૧૩ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી સહી છે. જે હુ ઓળખુ ત્યાર બાદ આર.એફ.ઓ. શ્રીએ તે લોકોને જામીન ઉપર છુટા કરેલા. આ લોકો એ જે રોપા ઉખેડી નાંખેલા તેનુ નુકસાનની ભરપાઈ કરી દેવા જામીન લીધેલા. જામીનખત માં લક્ષ્મણભાઈ ખરાડી, એક બીજા હતા જેનુ નામ હાલ મને યાદ નથી. તેમાં સામે અમોએ અમારી સહી કરેલી. ૧૫ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમા મારી સહી છે. જે હુ ઓળખુ છુ. આ લોકોએ વાંસ, ગુંદા, ખેર, સાદડ ના કુલ ૪૩૦૦ નંગ રોપાનુ નુકશાન કરેલુ. રોપાની કિંમત રૂ. ૪૫,૦૦૦/– થતી હતી. આ ૪૫,૦૦૦/–રૂપિયા બાબતે તેઓના જવાબ લીધેલા જેમા તેઓએ નુકશાન ભરપાઈ કરવાનુ કીધેલુ. આ જવાબ આર.એફ.ઓ.

શ્રી ડામોરે લીધેલું. તેમાં કુવરબેન ભરવાડ, ગાયત્રીબેન ચૌધરી, જે. આર. ખરાડી અને મે સહી કરેલી. મને આંક – ૧૬ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી સહી છે. જે હુ ઓળખુ છુ. તે જવાબમાં અર્જુનભાઈએ તેમજ સિદ્ધરાજભાઈ તેમજ નાનજાભાઈએ અંગુઠો કરેલો. તે બાદ તેઓ છુટા કરેલા, બીજા બે જામીન લીધેલા, તે પૈકી એક લક્ષ્મણભાઈ ખરાડી અને બીજા સુરમાજી ખરાડી હતા. તેઓ ભરણુ ભરવા તૈયાર હોય તે બાબતે જામીન લીધેલા. આ જામીન આર. એફ.ઓશ્રી કે.એમ.ડામોર નાઓએ લીધેલા, તેમા મે સહી કરેલી. મને આંક – ૧૭ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી સહી છે, જે હુ ઓળખુ છુ. જામીન લીધા બાદ શુ થયેલુ તેની મને ખબર નથી. આરોપીને જોયે ઓળખુ છુ. ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૬૨ થી સાહેદ જીગ્નેશભાઈ રમણભાઈ ખરાડી,** ફોરેસ્ટર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, **"તા.૧૦/૦૮/૨૦૧૭ નારોજ અમારા આર.એફ.ઓ, સાહેબ ઘ્વારા તમામ સ્ટાફને રેન્જ કચેરીએ બોલાવી વાસેરા જંગલ વિસ્તારમાં પેટ્રોલીંગ કરવાનું કહેલ હોય સાહેબ સાથે તેમજ સ્ટાફ સાથે પેટ્રોલીંગ કરતા હતા તે દરમીયાન વાસેરા જંગલમાં સને : ૨૦૧૭ ના વર્ષમાં હેકટર ૧૫ મોડલ એ.આર.પ્લોટમાં નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી તેમજ અર્જુનભાઈ ખરાડી, સિઘ્ઘરાજભાઈ ખરાડી ઘ્વારા પ્લોટમાંથી રોપા ઉપાડતા જોવા મળેલ જેથી અમે સ્ટાફ સાથે એમને રોકવા જતાં અમો સ્ટાફને જોઈને ભાગવા લાગેલ અને સ્થળ ઉપરથી ભાગી ગયેલ** ત્યાર બાદ સ્ટાફ સાથે તેમના નિવાસ સ્થાને પહોંચીને સિઘ્ઘરાજભાઈ અને અર્જુનભાઈ ઘરે મળી આવતાં એમને લઈ ને સ્ટાફ સાથે રેન્જ ઓફિસે આવેલ તે દરમીયાન એમના જવાબો લેવાનું ચાલુ હતુ તે દરમીયાન એમના પિતાશ્રી નાનજીભાઈ કાનજીભાઈ રેન્જ આફિસે આવેલ. એમના વિરુઘ્ઘ વનરક્ષક વાસેરા ઘ્વારા રોપા ઉપાડવા બાબતની એફ.ઓ.આર. કરેલ હોય એમનો પણ વનપાલ શામળાજી ઘ્વારા જવાબ અને ગુના પેટે દંડ ડીપોઝીટ ભરવાનો જવાબ લીધો.

બધાના જવાબ અને બાંહેધરી લઈને હદના હોય રેન્જ ઓફિસથી રવાના કરી દીધેલ. આ લોકોએ જે રોપા ઉપાડેલા તે રોપા અંદાજે ૪૩૦૦ નંગ હતા જેમાં કણ જીપત્તી, કરંજ, આમળા, ખેર, વાંસ વિગેરે રોપા હતા. આ સિવાય મને બીજી કોઈ માહિતી નથી. આરોપીઓને જોથે ઓળખુ છું."જ્યારે, ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૬૪ થી સાહેદ ઉમેશભાઇ વાલજીભાઇ ડામોર** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પર ની સર તપાસમાં જણાવેલ છે કે, "હું બનાવના અરસામાં વાઘેરા મુકામે વનરક્ષક સહાયક તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન **તા.૦૧/૦૮/૧૭ નારોજ રાત્રીના સમયે વાસેરા એ.એ.આર.મોડલ માં વાસેરા ગામમાં જંગલ સર્વે નં.૭૬ પૈકીમાં વાવેતર કરેલ રોપાઓ નું જડ મુળ માંથી ઉખેડીને નુકશાન કરેલ હતું. તા.૦૨/૦૮/૧૭ નારોજ સવારે મારા ફેરાના દરમીયાન રોપાના ઉખેડી નાંખેલ નજરે પડતાં ત્યાં લોકલ મજૂર ધ્વારા રોપાઓની ગણતરી કરી ૪૩૦૦ રોપાઓનું નું કશાન કરેલ હતું જે બાબતે પંચો રૂબરૂ પંચનામું કરેલ મને અરાલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચો તરીકે પંચ નં.૧ માં કટારા દિલીપભાઈ ખેમાભાઈ તથા પંચ નં.૨. માં કણેજા અળબાભાઈ સળુભાઈ નાઓની સહી છે** અને રૂબરૂમાં મારી તેમજ વનપાલ અધિકારી શામળાજીના બી. બી. પુજારા નાઓની સહી છે જે અસલ આંક–૬૫ થી રજુ છે. બાદ ગુનેગાર નાનજીભાઈ કાનજીભાઈ ખરાડીના ઘરે જઈ પુછપરછ કરવા જતાં ઘરે મળી આવેલ ન હતા. **ત્યાર બાદ તા.૦૨/૦૮/૨૦૧૭ નારોજ ૧૧:૦૦ કલાકે મેં એફ.ઓ. આર.રાઉન્ડ ઓફિસે જાહેર કરેલ. અને વનરક્ષક સાહાયક તરીકે વનરક્ષક અધિકારીની રૂબરૂમાં મારો જવાબ લખાવેલ.** ત્યાર બાદ, તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ આર.એફ.ઓ. ની સુચના મુજબ એસ.આર.પી.નો સ્ટાફ તેમજ અમારી રેન્જનો તમામ સ્ટાફ સવારે વાસેર જંગલ સર્વે નં.૭૬ પૈકી તપાસ કરવા ગયેલ ત્યાં **તપાસ કરતાં ૪૩૦૦ રોપાઓની ગણતરી કરતાં નુકશાન જોવા મળેલ ત્યાર બાદ અમારો રેન્જનો સ્ટાફ લોકલ મજુરો સાથે ગુનેગારના ઘરે પુછપરછ**

**કરવા ગયેલ ત્યાં નાનજીભાઈ કાનજીભાઈ ખરાડીના બે પુત્ર અને તેમની પાની મળેલ ત્યાર બાદ તે લોકોએ સ્ટાફ જોડે હથિયાર લઈને સ્ટાક જોડે ગેરવર્તણુંક કરતા અને ધાકધમકી આપેલ બાદ અમારા આર. એફ.ઓ. ની સુચના મુજબ ધરપકડ કરી રેન્જ ઓફિસ લઈ ગયેલ ત્યાર બાદ ગુનેગારો જોડેથી જવાબ લીધેલ અને જે બાબતેનું રોજકામ કરેલ મને આંક:૧૧ વાળુ રોજકામ બતાવાવમાં આવે છે તેમાં મારી રાહી છે જે મારી રૂબરૂમાં કરવામાં આવેલ છે અને ત્યાર બાદ અમો તથા બી.બી.પુજારા વનપાલ, શામળાજી નાઓએ આ અંગેનો રીપોર્ટ કરેલ.** મને આંક : ૧૦ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખું છું. ત્યાર બાદ સદર ગુનેગારેના રાઉન્ડ ફોરેસ્ટરે **(૧)** ખરાડી નાનજીભાઈ કાનજીભાઈ **(૨)** ખરાડી અર્જુનભાઈ નાનજીભાઈ **(૩)** ખરાડી સિધ્ધરાજભાઈ નાનજીભાઈ ના જવાબો લીધેલ અને તેનું પંચનામું અમોએ કરેલ જે આંક : ૦૯ વાળુ પંચનામું મને બતાવવામાં આવે છે જે પંચો રૂબરૂ કરેલ છે તેમાં વનરક્ષક વાસેરા તરીકે રૂબરૂમાં મારી સહી છે જે હું ઓળ ખી બતાવુ છું. હું આરોપી ઓને જોયેથી ઓળખું છું. જ્યારે, ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૭૦ થી સાહેદ ગાયત્રીબેન મુકેશભાઈ ચૌધરી, વનરક્ષક** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, "હું બનાવના અરસામાં કુશ્કી બિટમાં બિટગાર્ડ તરીકે ફરજ બજાવતી હતી. **તે વખતે તા.૧૦/૦૮/૨૦૧૭ નારોજ પરીક્ષેત્ર વન અધિકારી સાહેબશ્રી ની સૂચના મુજબ સુનોખ ગામમાં વાંસેરા બિટમાં સુનોખ પ્લોટ ૨૦૧૭–૧૮ એ.એ.આર પ્લોટ હેટર ૧૫ માં ચોમાસા રોપાનું વાવેતર કરેલ હતુ. તેમાં સાહેબ સુચના આપેલ કે ગણતરી કરો જેથી ગણતરી દરમિયાન સ્થળ ઉપર જોતાં રોપાઓ વેર વિખુર હતા અને રોપાઓ ઉપાડેલા હતા.** જાતવારી ગણતરી કરતા કુલ ૪૩૦૦ રોપાઓને નુકસાન થયેલું હતુ. તા.૦૨/૦૮/૧૭ નારોજ ગુન્હો કરેલો તે અંતર્યંત અમો તા.૧૦/૦૮/૧૭ નારોજ આરોપી નાનજીભાઈ કાનજીભાઈના ઘરે ગયેલા તો નાનજીભાઈ કાનજીભાઈ અને તેમના

પુત્ર અર્જુનભાઈ નાનજીભાઈ અને સિધ્ધરાજભાઈ નાનજીભાઈ અમો તથા અમારા સ્ટાફ ઉપર હુમલો કરેલો જેથી આ કામના આરોપીઓને રેન્જ ઓફિસ ખાતે લઈ ગયેલા અને આ બાબતનું અમે સ્થળ ઉપર રોજકામ કરેલું અને તેમાં અમે તથા સ્ટાફના અન્ય વ્યકિતઓએ સહિ કરેલી. મને આંક–૧૧ વાળું રોજકામ બતાવવામાં આવે છે. તેમાં મારી સહિ છે.જે હું ઓળખી બતાવુ છુ. આ કામના આરોપીઓએ તા. ૧૦/૦૮/૧૭ ના રોજ બાંહેધરી પત્રક સ્થળ ઉપર લેવામાં આવેલ.જે બાહેધરી પત્રકમાં આરોપીઓએ બાંહેધરી આપી હતી કે તેઓને સ્ટાફના માણસોએ કોઈ પણરીતે ધાકધમકી કે દબાણ કે માનસિક ભાર આપ્યો ન હતો. તે બાંહેધરીમાં આરોપીઓની સહિ છે અને મારી તથા સ્ટાફના અન્ય વ્યક્તિઓની સહિ છે જે આ કામે અનુક્રમે આંક – ૧૨ થી ૧૫ સુધી રજુ છે. જે હું ઓળખી બતાવુ છુ. તે દિવસે આ કામના આરોપીઓએ તા.૧૦/૦૮/૧૭ નારોજ અમારી સમક્ષ જંગલ ખાતાને જે નુકસાન કરેલ તે નુકસાનીના નાણાં ભરી આપવાની બહિધરી આપી હતી. જે બાંહેધરીઓ આ કામે આંક–૧૬ થી રજુ છે.જેમાં આરોપીઓ અને મારી તથા સ્ટાફના અન્ય વ્યકતિઓની સહિ હતી. જે હું ઓળખી બતાવુ છુ. આરોપીઓને જોચે ઓળખુ છુ."

જ્યારે, ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૭૨ થી સાહેદ રાધાબેન જવાનભાઈ ડામોર, વનરક્ષક** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, "તા.૧૦/૮/૨૦૧૭ માં હું મોટા કંથારીયા (શામળાજી) ગામે વનરક્ષક સહાયક તરીકે ફરજ બજાવતી હતી ત્યારે અમારા આર.એફ.ઓ સાહેબનો મેસેજ મલ્યો કે રેન્જ ઓફિસે તાત્કાલીક આવો. ત્યાથી તમામ સ્ટાફ, આર.એફ.ઓ સાહેબ, એસ.આર.પી, રોજમદાર વાંસેરા જંગલ વિસ્તારમાં ફેરણું કરવા ગયેલા. તે સમયે પ્લોટ એએ. આર જે ૧૫ હેકટરનો હતો જેમાં રોપાઓનું વાવેતર કરેલ હતુ તે પ્લોટમાં ફેરણું દરમિયાન જોતાં રોપાઓને ઉખેડી નાંખીને ફેંકી દીધેલા જોવા મળેલા જેથી બીટના વનરક્ષકને આવુ કોણે કર્યું તેવું પુછતાં તેણે જણાવ્યું કે, **આ બાબતે**

**પ્રથમ ગુન્હો ખરાડી નાનજીભાઈ કાનજીભાઈનાઓ તેમજ ખરાડી અર્જુનભાઈ નાનજીભાઈ અને ખરાડી સિધ્ધરાજભાઈ રહે. સુનોખનાઓની વિરૂધ્ધમાં નામ નોંધેલ છે. જેથી તમામ સ્ટાફ ખરાડી નાનજીભાઈ કાનજીભાઈના ઘરે તપાસ માટે ગયેલા અને ત્યાં જઈને પુછતાં કે નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી હાજર છે, જેથી નાનજીભાઈ કાનજીભાઈ અને તેમના બે છોકરા અર્જુનભાઈ અને સિધ્ધરાજભાઈએ ભારીયા અને લાકડી વડે હુમલો કરેલ જેથી અમે તેમને અમારા સરકારી વાહનમાં બેસાડી રેનજ ઓફિસ લઈ આવેલા અને રેન્જ ઓફિસ ખાતે આરોપીઓની પુછપરછ કરી તેમના જવાબ લીધેલા અને આવું કૃત્ય કરવા બાબતે પુછતાં તેમણે જણાવેલ કે, આ જમીન અમને ખેડવા મળશે તેવા ઈરાદાથી અમે આવુ કરેલુ.** તેઓએ બાંહેધરી પત્રક આપેલ કે, જે આંક – ૧૨, ૧૩, ૧૪ તેમજ ૧૫ વાળું બાંહેધરી પત્રક મને બતાવવમાં આવે છે તેમાં તેમને બાંહેધરી આપેલ કે તેમના ધ્વારા કોઈ ધાક ધમકી કે નુકસાન કે હાની પહોંચાડશે નહિ અને તેમાં તેમને સહિ કરેલી અને રૂબરૂમાં વનરક્ષક સહાયક તરીકે અમે પણ સહિ કરેલી. જે તમામ દસ્તાવેજમાં મારી સહિ છે. જે હું ઓળખી બતાવુ છુ. તે વખતે આરોપીઓ જે નુકસાન થયેલુ છે તેનો દુધ ઘરવા માટે સંમતિ દર્શાવી બાંહેધરી પત્રક આપેલ જે આંક – ૧૬ વાળું બાહેધરી પત્રક મને બતાવવમાં આવે છે જેમાં વન રક્ષરક સહાયક તરીકે મારી સહિ છે જે હું ઓળખી બતાવુ છું. ત્યાર બાદ અમે અમારા સાહેબ ની રજા લઈ અમારી ફરજના સ્થળા ઉપર જતાં રહેલા. **આ કેસને ૬ એક વર્ષ જેટલો સમય થઈ ગયેલો છે તેથી આરોપીઓને ચોક્કસ ઓળખી શકુ નહિ.** વધુમાં, ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૭૩ થી સાહેદ દીપમાલાબેન હરીશભાઇ નિનામા, વનરક્ષક** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટરૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, "તા.૧૦/૦૮/૨૦૧૭ માં હું દેવનીમોરી (શામળાજી) ગામે વનરક્ષક સહાયક તરીકે ફરજ બજાવતી હતી ત્યારે અમારા રેન્જ ઓફિસ ખાતે થી મેસેજ મલ્યો કે રેન્જ ઓફિસે તાત્કાલીક આવો. **ત્યાંથી અમો**

**વાંસેરા ગામે ગયેલા અને ત્યાં ફોરેસ્ટર દ્વારા જે રોપાઓ રોપવામાં અવોલા તે રોપાઓ નાનજીભાઈ કાનજીભાઈ દ્વારા ઉખેડી નાંખવામાં અવોલા અને ત્યાં ખેડાણ કરવામાં આવેલુ.ત્યારે નાનજીભાઈ કાનજીભાઈની પુછપરછ કરવામાં અવોલી અને આર.એફ.ઓ સાહેબ દ્વારા તેમના જવાબો લેવામાં આવેલા.જે જગયાએ આ રોપા ઉખેડી નાંખેલા તે જગ્યાએ રોજકામ કરવામાં આવેલ. રોજકામ કર્યા બાદ તયાંથી આરોપીઓને સરકારી ગાડીમાં બેસાડી ઓફિસે લઈ ગયેલા ત્યાં આર.એફ.ઓ સાહેબ આરોપીઓની પુછપરછ કરેલી અને તેમાં આરોપીઓએ જવાબમાં ગુન્હો કબુલ કરેલો. બનાવને ઘણો સમય થયેલો હોવાથી હું આરોપીઓને જોયે ઓળખી શકુ નહિ."** ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૭૪ થી સાહેદ મહેશભાઇ દશરથભાઈ વાઘરી, વનરક્ષક** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૦૨/૦૮/૨૦૧૭ માં હું શામળાજ વનરક્ષક સહાયક તરીકે કરજ બજાવતો હતો ત્યારે અમારા આર.એફ.ઓ સાહેબનો મેસેજ મલ્યો કે, રેન્જ ઓફિસે તાત્કાલીક આવો, ત્યાથી તમામ સ્ટાફ, આર.એફ.ઓ સાહેબ એસ.આર.પી રોજમદાર વાંસેરા જંગલ વિસ્તારમાં ફેરણું કરવા ગયેલા. તે સમયે પ્લોટ એએ.આર.જે ૧૫ હેકટરનો હતો જેમાં રોપાઓનું વાવેતર કરેલ હતુ તે પ્લોટમાં ફેરણું દરમિયાન જોતા રોપાઓને ઉખેડી નાંખીને ફેંકી દીધેલા જોવા મળેલા. જેથી બીટના વનરક્ષક ને આવુ કોણે કર્યું તેવું પુછતાં તેણે જણાવ્યું કે, આ બાબતે **પ્રથમ ગુન્હો ખરાડી નાનજીભાઈ કાનજીભાઈ નાઓ તેમજ ખરાડી અર્જુનભાઈ નાનજીભાઈ અને ખરાડી સિધ્ધરાજભાઈ, રહે. સુનોખનાઓની વિરૂધ્ધમાં નામ નોંધેલ છે** જેથી તમામ સ્ટાફ ખરાડી નાનજીભાઈ કાનજીભાઈના ઘરે તપાસ માટે ગયેલા અને ત્યાં જઈને પુછતાં કે નાનજીભાઈ કાનજીભાઈ પરાડી હાજર છે. જેથી નાનજીભાઈ કાનજીભાઈ અને તેમના બે છોકરા અર્જુનભાઈ અને સિધ્ધરાજભાઈ હતા અમે તેમને અમારા સરકારી વાહનમાં બેસાડી રેન્જ ઓફિસ લઈ આવેલા અને રેન્જ ઓફિસ ખાતે આરોપીઓની પુછપરછ કરી તેમના

જવાબ લીધેલા અને આવું કૃત્ય કરવા બાબતે પુછતાં તેમણે જણાવેલ કે, આ જમીન અમને ખેડવા મળશે તેવા ઈરાદાથી અમે આવુ કરેલું મારી રૂબરૂમાં તા.૧૦/૦૮/૧૭ ના રોજ કુલ.૬૬૬૦ રોપા સ્થળ ઉપર વાવેતર કરેલ હતા જેમાંથી આરોપીઓએ કુલ.૪૩૦૦ રોપાઓ ઉખેડી નાંખેલા તે જોવા મળેલ અને તેનું રોજકામ કરેલ જે રોજકામમાં મારી સહી છે. મને આંક : ૧૧ વાળુ રોજકામ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. ત્યાર બાદ, આરોપીઓએ બાહેધરી પત્રક આપેલ તેમાં તેમને બાહેધરી આપેલ કે તેમન દ્વારા કોઈ ધાકધમકી કે નુકસાન કે હાની પહોંચાડશે નહિ અને તેમાં તેમને સહિ કરેલી. **તે વખતે આરોપીઓ જે નુકસાન થયેલુ છે તેનો દુર કરવા માટે સંમતિ દર્શાવી બાંહેધરી પત્રક આપેલ. ત્યાર બાદ અંગે અમારા સાહેબની રજા લઈ અમારી ફરજના સ્થળ ઉપર જતાં રહેલા, નાનજીભાઈ સિવાયના** આરોપીઓને હું જોયેથી ઓળખી શકું નહીં."

વધુમાં, ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૭૫ થી સાહેદ નયનાબેન સાંજાભાઇ ખરાડી, વનરક્ષક** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સર તપાસમાં જણાવેલ છે કે, "તા.૦૨/૦૮/૨૦૧૭ માં હું શામળાજી રેન્જ ખાતે વનરક્ષક સહાયક તરીકે ફરજ બજાવતી હતી ત્યારે અમારા આર.એફ.ઓ સાહેબનો મેરોજ મલ્યો કે રેન્જ ઓફિસે તાત્કાલીક આવો. ત્યાથી તમામ સ્ટાફ, આર.એફ.ઓ સાહેબ, એસ.આર.પી, રોજમદાર વાંસેરા જંગલ વિસ્તારમાં ફેરણું કરવા ગયેલા. **તે સમયે પ્લોટ એએ.આર જે ૧૫ હેકટરનો હતો જેમાં રોપાઓનું વાવેતર કરેલ હતુ તે પ્લોટમાં ફેરણું દરમિયાન જોતાં રોપાઓને ઉખેડી નાં ખીને ફેંકી દીધેલા જોવા મળેલા.જેની ગણતરી કરતાં કુલ રોપા ૪૩૦૦ જેવા ઉખાડી નાંખેલા હતા અને ત્યાંના ચોકીદાર સરદારભાઈ અને રણજીતસિંહનાઓ હતા જેઓને પુછેલુ તો આ રોપા ત્રણ વ્યકિતઓએ ઉપાડીને નાંખી દીધેલાનું જણાવેલ. તેમનું નામ પુછતાં તેમણે જણાવેલ કે, ખરાડી નાનજીભાઈ કાનજીભાઈનાઓ તેમજ ખરાડી અર્જુનભાઈ નાનજીભાઈ અને ખરાડી સિધ્ધરાજભાઈનાઓ હોવાનું**

**જણાવેલ, જેથી અમો સ્ટાફ તેમજ આર.એફ.ઓ સાહેબ સાથે પુછપરછ કરવા આ ત્રણેય વ્યકિતના ઘરે ગયા હતા જેથી આ ત્રણેય જણાં જમીન અમારી છે તેમ કહિ સામે આવી ગયેલા. જેથી આ ત્રણેય ઈસમોને પકડી રેન્જ ઓફિસ ખાતે પુછપરછ કરવા માટે લઈ આવેલા.**

**વધુમાં,** ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૭૬ થી સાહેદ કુવરબેન સાઢાભાઈ ભરવાડ, (ગાર્ડ)** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સર તપાસમાં જણાવેલ છે કે, "સને : ૨૦૧૭ માં હું પાંચમહુડી બીટમાં વનરક્ષક તરીકે ફરજ બજાવતી હતી, અને તે સમયગાળા દરમીયાન કે.એન.ડામોર સાહેબ નાઓ રેન્જ ફોરેસ્ટ અધિકારી તરીકે હતા. અમારા બીટમાં જાબચિતરીયા, જાંબુડી, વસાયા, દમુણી, કડવઠ, અણસોલ, પાંચમહુડી ગામના જંગલ વિસ્તાર આવતો હતો. અમારી કામગીરીમાં વનનું રક્ષણ. હદ પાળનું રક્ષણ, કંટુલ રેન્જ, ખાડા કરવા તેમજ જંગલ વિસ્તારમાં આવતા વૃક્ષોની જાળવણી અને વાવેતર કરવાની કામગીરી કરવાની હોય છે. **ગઈ તા.૦૨/૦૮/૧૭ ના રોજ અમારા વાંસેરા જંગલ વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરેલ હતું જેમાં વાંસ, અરડુસા, સાદડ, ખેર જેવા રોપાઓનું વાવેતર કરેલ હતું. આ વાવેતર ૨૦૧૭ ના વર્ષ દરમીયાન કરેલ હતું અને અમે અમારી કામગીરીના ભાગરૂપે અમારા સ્ટાફ સાથે ફેરણું કરવા માટે વાંરોરા ગયેલા ત્યારે આ રોપા ઉખાડી નાંખેલા હતા. નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી નાઓએ અમારી જંગલની જમીનમાં ખેડાણ હેતુથી અને કબજો કરવાના ઈરાદાથી રોપા ઉખાડી નાંખેલા. અને અમે પહેરા દરમિયાન નાનજીભાઈ ભાંગી ગયેલા અને તેમની સાથે બે દિકરા અર્જુનભાઈ અને બીજાનુ નામ હાલ મને યાદ નથી. પછી અમે નાનજીભાઈના ઘરે અમારી સાથે એસ.આર.પીના જવાનો સાથે લઈને ગયેલા. ત્યારે આ નાનજીભાઈના બે દિકરા એ અમોને વિભષ ગાળો બોલતા હતા અને તીક્ષ હથિયારોથી અમોને ધમકાવતા હતાતેથી અણબનાવ ન બને તે અર્થે તેઓને રેન્જ કચેરી લઈ આવેલા.** અને પછી આ બંન્ને અમારુ રોપાનુ વાવેતર કરેલુ તેની વળતર ચુકવી આપવા જણાવેલુ અને પછી

તેમને વળતર ચુકવી આપવાનું બાહેધરી આપી છુટા કરેલા તા.૧૦/૦૮/૧૭ ના રોજ એસ.આર.પી ના જવાનો સાથે લઈને ગયેલ ત્યારે ફરીથી ૪૩૦૦ રોપા ઉખાડી નાખેલ આ રોપા ઉખાડી નાખવામાં નાનજીભાઈ અને તેમના બે દિકરા અર્જુનભાઈ અને બીજાનુ દિકરાનું નામ મને હાલ યાદ નથી તે હતા. તે વખતે અમારી સાથે એસ.આર.પી. સ્ટાફ તથા ફોરેસ્ટ ઓફીસરશ્રી કે.એમ.ડામોર અને વનપાલ ડી.બી.પુજારા અને અન્ય સ્ટાફ તથા રોજમદાર વેગેર તેમના ઘરે ગયેલા જેથી આ લોકોને અમો રેન્જ કચેરીએ લઈ આવેલા અમો અગાઉ તા.૦૨/૦૮/૧૭ ના રોજ તેઓને લાવેલ ન હતા. અને આ રોપા નુકશાન કરવા બદલ સરકારી ધારા ધોરણ મુજબ જે વળતર તેમની પાસે થી મેળવવાનુ થતુ હતુ તેની બાંહેધરી લઈ તેઓને જામીન ઉપર છુટા કરેલા. આ સિવાય રોપા ઉખાડી નાખેલા તે જગ્યાએ બીજી કોઈ કામગીરી કરેલી નહી. **આ સિવાય હુ કઈ જાણતી નથી."** ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૮૦ થી સાહેદ વિષ્ણુકુમાર ધીરૂભાઈ પટેલ, એસ.આર.પી.એફ.** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, "સને ૨૦૧૭ માં ૦૧ જુન થી ઓકટોબર સુધી ભિલોડા, ફોરેસ્ટ રેન્જ કચેરી એ ગાર્ડ તરીકે અમારી નોકરી ફાળવેલ હતી. તે સમયગાળા દરમીયાન આઠમા મહિનામાં શામળાજી રેન્જ ફોરેસ્ટ કચેરી એથી ફોરેસ્ટની જે જગ્યાએ રોપાનું વાવેતર કરેલ હતું તે જગ્યાએ ફોરેસ્ટના કર્મચારીઓ તથા રોજમદાર સ્ટાફ અને અમારી સાથે એસ.આર.પી. ના કર્માચારી શાન્તીલાલ ખરાડી બધા સરકારી જગ્યા ઉપર ગયેલા ત્યારે સરકારી જમીનમાં જે વાવેતર કરેલ હતું જે રોપાઓ **આઠ થી દસ માણસો ત્યાં આવેલ હતા તેમણે ઉપાડી નાંખેલા જેમને અટકાવવા માટે ફોરેસ્ટ અધિકારીઓ જતાં આ લોકો ઉશ્કેરાઈ ગયેલા અને ફોરેસ્ટ અધિકારી ઉપર હુમલો કરવાની કોશિશ કરેલ** જેથી અમે તેમને બેસાડીને શામળાજી રેન્જ ફોરેસ્ટ કચેરીએ લઈ આવેલા. ત્યાર બાદ તેમણે પેપર વર્ક તૈયાર કરેલ અને પછી અમારી સહીઓ કરાવેલી. **મને આંક: ૧૧ વાળુ રોજકામ બતાવવામાં આવે છે**

**તેમાં ૧૪ નંબર ઉપર મારી સહી કરેલ છે જે ઓળખી બતાવુ છું.** બનાવ ને આઠેક વર્ષ થઈ ગયેલ હોય આરોપીઓને જોયેથી ઓળખી શકુ તેમ નથી." ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૮૧ થી સાહેદ શાંતીલાલ નાનજીભાઈ ખરાડી,** એસ.આર.પી.એફ. નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, "સને ૨૦૧૭ માં સાતમા આઠમા મહિનામાં ભિલોડા, ફોરેસ્ટ રેન્જ કચેરીએ ગાર્ડ તરીકે અમારી નોકરી ફાળવેલ હતી. તે સમયગાળા દરમીયાન આઠમા મહિનામાં શામળાજી રેન્જ ફોરેસ્ટ કચેરીએથી ફોરેસ્ટની જે જગ્યાએ રોપાનું વાવેતર કરેલ હતું તે જગ્યાએ ફોરેસ્ટના કર્મચારીઓ તથા રોજમદાર સ્ટાફ અને અમારી સાથે એસ.આર.પી.ના કર્માચારી વિષ્ણુભાઈ પટેલ બધા સરકારી જગ્યા ઉપર ગયેલા ત્યારે **સરકારી જમીનમાં જે વાવેતર કરેલ હતું જે રોપાઓ ત્રણ–ચાર માણસો તેમાં બે પુરુષો અને બે મહિલાઓ હતી અને ત્યાં આવેલ હતા તેમણે રોપા ઉપાડી નાખેલા જેમને અટકાવવા માટે ફોરેસ્ટ અધિકારીઓ જતાં આ લોકો ઉશ્કેરાઈ ગયેલા અને ફોરેસ્ટ અધિકારી ઉપર હુમલો કરવાની કોશિશ કરેલ જેથી અમે તેમને બેસાડીને શામળાજી રેન્જ ફોરેસ્ટ કચેરીએ લઈ આવેલા. ત્યાર બાદ તેમણે પેપર વર્ક તૈયાર કરેલ અને પછી અમારી સહીઓ કરાવેલી.** મને આંક : ૧૧ વાળુ રોજકામ બતાવવામાં આવે છે તેમાં ૧૫ નંબર ઉપર મારી સહી કરેલ છે જે ઓળખી બતાવુ છું. બનાવને સાત–આઠ વર્ષ થઈ ગયેલ હોય આરોપીઓને જોયેથી ઓળ ખી શકુ તેમ નથી.'' ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૮૯ થી સાહેદ અરવિંદભાઈ રૂપાજી કટારા** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, "હું છેલ્લા સત્તર એક વર્ષથી દેવની મોરી, વન વિભાગમાં રોજમદાર તરીકે નોકરી કરુ છું, મારે મારી નોકરી દરમીયાન વનખાતાની નર્સરીમાં વનવિભાગ દ્વારા રોપા રોપેલ હોય તેની જાળવણી કરવાની કામગીરી હોય છે, મારે શામળાજી વિસ્તારમાં દેવની મોરી ખાતે આવેલ નર્સરી માંજ કામગીરી કરવાની હોય છે. **સને ૨૦૧૭–૧૮ માં**

**અમારા ફોરેસ્ટ અધિકારી તરીકે બી.બી.પુંજારા નાઓ હતા. મને આંક : ૧૧ વાળુ રોજકામ બતાવવામાં આવે છે તેમાં અ.નં.૧૭ ઉપર મારી સહી છે. આ સહી કયાં કરાવેલ અને શા માટે કરાવેલ તેની મને કંઈ ખબર નથી. આ સિવાય હું બીજું કંઈ જાણનો નથી."** ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક– ૯૦ થી સાહેદ બાબુભાઈ બદાજી ગામેતી** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, "સને ૨૦૧૭–૧૮ માં હું દેવનીમોરી, વનવિભાગમાં રોજમદાર તરીકે નોકરી કરતો હતો. અને **મેં આશરે પંદરેક વર્ષ જેટલી નોકરી કરેલી તે સમયે અમાર ફોરેસ્ટર કોણ હતા તેની મને કંઈ ખબર નથી. મારે મારી નોકરી દરમીયાન વનખાતાની નર્સરીમાં વનવિભાગ ધ્વારા રોપા રોપેલ હોય તેની જાળવણી કરવાની કામગીરી હોય છે.** અમારે કામગીરી દરમીયાન દેવનીમોરી, પાલ્લા, કુશ્કિ, વાઘપુર વાળી જંગલખાતાની જમીનો આવેલ છે અને આ દરેક જગ્યાએ અમારે અમારા ઉપરી અધિકારીની સુચના મુજબ રોપાનું વાવેતર કરવા માટે તેમજ તેની જાળવણી કરવા માટે જવાનું હોય છે. અમારી કામગીરી દરમીયાન સને ૨૦૧૭ માં જંગલ ખાતાની જમીનમાં રોપાઓનું વાવેતરને કોઈ નૂકશાન કરેલ હોય અને અમે ત્યાં ગયા હોઈએ તેવું મને કંઈ ખબર નથી. મને આંક: ૧૧ વાળુ રોજકામ બતાવવામાં આવે છે તેમાં અ.નં.૧૮ ઉપર મારી સહી છે, આ સહી કયાં કરાવેલ અને શા માટે કરાવેલ તેની મને કંઈ ખબર નથી. આ સિવાય હું બીજું કંઈ જાણનો નથી.''ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, વધુમાં, **આંક – ૯૩ થી સાહેદ પ્રકાશભાઈ રમણભાઈ ડામોર** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સર તપાસમાં જણાવેલ છે કે, "સને ૨૦૧૭ – ૧૮ માં હું દેવનીમોરી, વનવિભાગમાં રોજમદાર તરીકે નોકરી કરતો હતો. અને મેં આશરે પંદરેક વર્ષ જેટલી નોકરી કરેલી તે સમયે અમાર ફોરેસ્ટર તરીકે બી.બી.પુજારા નાઓ હતા. મારે મારી નોકરી દરમીયાન વનખાતાની નર્સરીમાં વનવિભાગ ધ્વારા રોપા રોપેલ હોય તેની જાળવણી કરવાની કામગીરી હોય છે. અમારે

કામગીરી દરમીયાન દેવનીમોરી વાળી જંગલખાતાની જમીનો આવેલ છે જગ્યાએ અમારે અમારા ઉપરી અધિકારીની સુચના મુજબ રોપાનું વાવેતર કરવા માટે તેમજ તેની જાળવણી કરવા માટે જવાનું હોય છે. **અમારી કામગીરી દરમીયાન સને ૨૦૧૭ માં વાંસેરા ખાતે આવેલ જંગલ વિસ્તારમાં અમોએ રોપા રોપવાની કામગીરી કરેલી. આ સિવાય ત્યાં કોઈ બનાવ બનેલ હોય અને બીજી કોઈ કામગીરી મારી હાજરીમાં થયેલ હોય તેની મને કંઈ ખબર નથી. મને આંક : ૧૧ વાળુ રોજકામ બતાવવામાં આવે છે તેમાં અ.નં.૧૯ ઉપર મારી સહી છે, આ સહી કયાં કરાવેલ અને શા માટે કરાવેલ તેની મને કંઈ ખબર નથી. આ સિવાય હું બીજું કંઈ જાણતો નથી."** ફરીયાદ પક્ષે, પોતાના કેસના સમર્થનમા, **આંક – ૧૦૦ થી સાહેદ જયંતીભાઇ અળખાજી કોટડ** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ પરની સર તપાસમાં જણાવેલ છે કે, "સને ૨૦૧૭ –૧૮ માં હું ઓડ ગામે આવેલ વનવિભાગ રોજમદાર તરીકે નોકરી કરતો હતો. અને મેં આશરે ચાર થી પાંચ વર્ષ જેટલી નોકરી કરેલી તે સમયે અમાર ફોરેસ્ટર ડામોર સાહેબ હતા. મારે મારી નોકરી દરમીયાન જંગલ ખાતાની જમીનમાં રોપાનો ઉછેર કરેલ હોય તેનો રક્ષણ કરવાની કામગીરી હોય છે. અને મારી કામગીરી દરમીયાન અમારા ફોરેસ્ટર અધિકારી અમોને જંગલ ખાતાની જમીન આવેલી હતી તે જગ્યા પર મોકલે તયારે અમારે જવાનુ હોય છે. અમારી કામગીરી દરમીયાન સને ૨૦૧૭ માં વાસેરા ખાતે આવેલ જંગલ ખાતાની જમીનમાં અમોને બોલાવ્યા હોય કે અમારી હાજરીમાં કોઈ કામગીરી કરેલ હોય તેવુ કઈ મને ખબર નથી. **મને આંક : ૧૧ વાળુ રોજકામ બતાવવામાં આવે છે તેમાં અ.નં.૨૪ ઉપર મારી સહી છે, આ સહી ફોરેસ્ટ ખાતાના ઓફીસે કરાવેલી. શા માટે કરાવેલ તેની મને કંઈ ખબર નથી. આ સિવાય હું બીજું કંઈ જાણતો નથી."**

**(૧૧) જયારે,** ફરિયાદી તેઓની **ઉલટ તપાસમાં** સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, હુ છેલ્લા ૨૨ વર્ષ થી શામળાજી રાઉન્ડમાં ફરજ બજાવુ છું, મે વાંસેરા

બીટમાં નોકરી કરેલ નથી, સને ૧૯૬૨ –૬૩ થી સર્વે નં. ૭૬ માં એક જ માણસનો કબજો છે, સર્વે નં. ૭૬ ની જમીન જીલ્લા વન સંરક્ષક તથા કલેકટરે અન્ય લોકોને પણ જમીન ખેડવાની સનદ આપેલ છે, મારી ફરીયાદમાં રોપાનું ચોક્કસ નામ જણાવેલ નથી, રોપાના જુદા જુદા નામ હોય છે, રોપા કેટલી જમીનમાંથી ઉખેડી નાંખેલ તેની વિગત ફરીયાદમાં જણાવેલ નથી, તા.૧૦/૦૮ નારોજ આરોપીના ઘરે જતાં સૌપ્રથમ આરોપીના દિકરા સિદ્ધરાજભાઈ મળેલા, અમો બપોરના બારેક વાગ્યાના આસપાસ તેઓના ઘરે ગયેલા, અમો આરોપીના ઘરે અડધા થી એક કલાક જેટલો સમય રોકાયેલ, આરોપીને અમોએ પકડેલા, આરોપીએ કોઈ પ્રતિકાર કરેલ નહી, આરોપી નં.૧ નાનજીભાઈ કાનજીભાઈ ઘરે હાજર હતા નહી તે થોડી વાર બાદ આવેલા, આરોપી નં.૨ સિદ્ધરાજભાઈ અને આરોપી નં.૩ અર્જુનભાઈ બંને જણ બુમો પાડતા ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા, આ અગાઉ હુ આરોપીના ઘરે ગયેલ નથી કે તેમને અગાઉ મળેલ પણ નથી, આરોપી સુનોખ ગામે રહે છે, મારુ વતન રાયપુર, મોડાસા છે, સુનોખ ગામે થી મારુ વતન ૩૩ કી.મી. છે, **એ વાત ની મને ખબર નથી કે, આરોપીઓએ હાલ પણ જમીનમાં બાજરીનું વાવેતર કરેલ છે, આરોપીને પકડવા અમો સ્ટાફના માણસો કુલ ૩૨ જણ ગયેલા, અમારી સાથે રણજીતસિંહ જાડેજા પણ હતા.** એ વાત ની મને ખબર નથી કે, આરોપીને સિવિલ માં દાખલ કરેલ. એ વાતની મને ખબર નથી કે, તા.૧૩/૦૮/૨૦૧૭ ના રોજ આરોપીએ અમારી વિરુદ્ધ ફરીયાદ કરેલ. એ વાત ની મને ખબર નથી કે, આરોપી નં. ૪ સુકાભાઈ નાઓ વન સમિતિના ચેરમેન છે. એ વાતની મને ખબર નથી કે, આરોપી નં.૪ નુ વતન બુધરાસણ ગામ છે, **આરોપી આદિવાસી છે તે હુ જાણુ છુ, બનાવ મે નજરો નજર જોયેલ નથી, આરોપીની કબુલાતમાં કોઈ સ્વતંત્ર સાક્ષીની સહી નથી. જયારે,** આંક : ૨૬ થી ફોરેસ્ટર શ્રી, ડામોર તેઓની આરોપી **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "મેં શામળાજી ખાતે આશરે ત્રણ વર્ષ નોકરી કરેલી, હુ નવેમ્બર ૨૦૧૪ થી ઓકટોબર

૨૦૧૭ સુધી શામળાજી ખાતે નોકરી કરેલ, શામળાજી ખાતે જંગલ વિસ્તારમાં જે ગામડાઓ આવતા હોય તે તમામ મારા તાબામાં આવે, શામળાજી ખાતે આશરે ૭૬ જેટલા ગામડાઓ જંગલ વિસ્તારમાં આવે છે, કયા ગામના કયા સર્વે નંબર જંગલ વિસ્તારમાં આવે છે તે હુ મોઢે કહી શકુ નહી, ૭૬ ગામડા ઓની મુલાકાત – લેવાની જરૂર પડે ત્યારે જ મુલાકાત લઈએ છીએ, રેન્જ ની અંદર રાઉન્ડ પાડેલા હોય છે, શામળાજીમાં ત્રણ રાઉન્ડ છે, વાંસેરા બીટ શામળાજી રાઉન્ડમાં આવે છે, એક રાઉન્ડ લુસડીયા છે અને બીજુ પાલ્લા રાઉન્ડ છે, લુસડીયા અને પાલ્લા રાઉન્ડમાં મે હાલના જેવો બીજો કોઈ ગુનો નોંધેલ નથી, **શામળાજી રાઉન્ડમાં બી.બી.પુજારા નાઓ વનપાલ તરીકે ફરજ ઉપર હતા, રોપા ઉખેડયા ની હકીકત એફ.ઓ.આર માં જણાવેલ નથી, એફ.ઓ.આર. તા. ૦૨/૦૮/૧૭ ના રોજ દાખલ કરેલ, અમો તા.૧૦/૦૮/૧૭ ના રોજ ૩૧ થી ૩૨ માણસો સાથે ગયેલા, તે દિવસે શામળાજી થી સવાના આશરે સાડા નવ વાગ્યે નિકળેલા, અમો બે સરકારી ગાડી તથા એક ખાનગી જીપ લઈ ને નિકળેલા, ખાનગી ગાડીનો નંબર મને યાદ નથી, ખાનગી ડ્રાઈવર કોણ હતુ તે પણ યાદ નથી,** ત્રણેય ગાડી સાથે હતી, આશરે દસ થી સાડા દસ વાગ્યે વાંસેરા જંગલમાં પહોંચેલા, **અમો અંદાજે અડધો કલાક રોકાયેલા, મને આરોપીઓના નામની જાણ બીટ ગાર્ડ મારફત એફ.ઓ.આર થી થયેલી, અમોએ એફ.ઓ.આર. પ્રથમ દાખલ કરેલ તે બાદ બનાવ વાળી જગ્યાનુ પંચનામુ કરેલ, બનાવ વાળી જગ્યાના મે કુલ બે પંચનામા કરેલા પ્રથમ પંચનામુ તા.૦૨/૦૮/૧૭ નારોજ નુ છે તેમજ બીજુ પંચનામુ તા.૧૦/૦૮/૧૭ નારોજ નુ છે,** વાંસેરા જંગલમાં આશરે કુલ ૨૫૭ હેકટર જમીન આવેલી છે, અમોએ નવિની કરણમાં કુલ. ૬૬૬૦ રોપા રોપેલા, આ રોપા ૧૫ હેકટરમાં રોપેલા, ૪૩૦૦ રોપા ની ગણતરી મે તથા સ્ટાફના માણસોએ કરેલી, **જે તે સમયે રોપા ઉખેડી નાંખેલા તેના ફોટોગ્રાફ લીધેલા, મને મૌખિક રીતે કઈ જાતના કેટલા કેટલા રોપા હતા તે યાદ નથી પરંતુ તે વિગત પંચનામામાં દર્શાવેલી છે, હવે હુ કહુ છુ કે, કઈ જાતના કેટલા રોપા**

**હતા તે વિગત પંચનામામાં નહી પરંતુ રોજકામ માં જણાવેલી છે, આ રોપા ચોમાસાની સિજનમાં બનાવની દિવરસથી આશરે ૧૫ દિવસ પહેલા રોપવામાં આવેલા, આ રોપા સરકારશ્રીના હુકમથી રોપવામાં આવેલા, આરોપીએ વનપાલ શામળાજી શ્રી બી.બી.પુજારા ઉપર એટ્રોસીટી ફરીયાદ દાખલ કરેલ હોવાનુ મારા ઘ્યાન ઉપર આવેલ,** અમો સુનોખ ગામે આરોપીના ઘરે આશરે સાડા દશ થી અગ્યાર વાગ્યાના સુમારે પહોંચેલા, અમો બધા યુનિફોર્મમાં હતા, **અમો આરોપીઓના ઘરે આશરે પંદર થી વીસ મીનીટ રોકાયેલા, ત્યાંથી આરોપીઓને અમારી રેન્જ કચેરીએ લઈ ગયેલા, આરોપી શિદ્ધરાજ અને અર્જુનભાઈને અમારી સાથે લઈ ગયેલા,** સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, કોઈ માર માટેલ નહી, **રોપાની નુકશાની ની કિમત રૂ.૪૫૦૦૦/- હોવાની હકીકત પંચોએ નક્કી કરેલી, જે વ્યક્તિ જંગલની જમીન ખેડતા હોય તો તેની ખેડાણની પાવતી કે દંડ પાવતી સને ૨૦૧૪ બાદ થી આપતા નથી, હુ આરોપીઓને નામ જોગ ઓળખતો નથી પરંતુ જોયે ઓળખું છું, બનાવ વખતે પાંડવ સુકાજી કાવાજી હાજર હતા નહી, જંગલ કમીટીના ચેરમેન હોઈ તેમનું નામ લખી દીધેલ." જયારે,** આંક : ૩૬ ના સાહેદ બચાવ પક્ષ, તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, **"ત્રણ વર્ષ થી પાલ્લા રાઉન્ડમાં ફરજ બજાવુ છુ, વાંસેરા અમારી બીટમાં આવતુ નથી, વાંસેરા બીટના વનપાલ નાએ ફરીયાદ કરેલ, આરોપી સ.નં.૭૬ વાળી જમીન ઉપર મળી આવેલ નહી, હાલના આરોપી સ્થળ ઉપર રોપા ઉખેડી નુકશાન કરતા હોવાનું જાતે જોયેલ નહી,** અમો આરોપીના ઘરે કુલ - ૩૧ જણા ફોરેસ્ટના સ્ટાફવાળા ગયેલા, તે વખતે બી.બી.પુજારા પણ સાથે હતા, અમો ગયા ત્યારે આરોપીઓ ઘરે બેઠેલા હતા, બી.બી.પુજારા નાઓએ તેમને ઘરની બહાર બોલાવેલા, અમોએ રેન્જ ઓફીસ સાત થી આઠ કાગળોમાં સહી કરેલી, હું હાલના કેસના કાગળો થી વાકેફ છું, આરોપીએ દંડ ભરવાની બાહેધરી લખી આપેલ, મને આંક-૧૩ બતાવવામાં આવે છે તે જોઈને તેમ કોઈ પણ જાતની ધાક ધમકી કે મારઝુડ કરેલ નથી

તેવો ઉલ્લેખ કરેલ છે. અમો આરોપીને તે જ દિવસે ગયેલા, ૪૩૦૦ રોપા ક્યા ક્યા હતા તેની મને ખબર છે, તે તમામ રોપા તાજા હતા. ૧૪૩૫ રોપા વાંસના હતા, ૨૩૦૦ ની આસપાસના રોપા હતા, સાદડ ના ૭૦૦ જેવા રોપા હતા, કણજીના ૩૦૦ જેવા રોપા હતા, કરંજના ૬૮ જેવા રોપા હતા, ગુંદા ના ૬૫ જેવા રોપા હતા, સીતાફળના ૭૦ ની આસપાસ રોપા હતા, એ વાત ખરી છે કે, આ રોપાઓ અમારી નર્સરીમાં ઉગાડવામાં આવે છે. રોપા કઈ તારીખે વાવેલા તે ચોક્કસ તારીખ ખબર નથી, પરંતુ જુલાઈ મહીના વાવેતર કરેલું. **જયારે,** આંક : ૪૪ થી સાહેદ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "મે વાંસેરા બીટમાં નોકરી કરેલ નથી, વાંસેરા બીટમાં બી.વી.પુજારા ફૉરેસ્ટર હતા, તેઓના રોજમદાર તરીકે રણજીતસિંહ હતા, બી.વી.પુજારા અને રણજીતસિંહ વિરુદ્ધ આરોપી નં.૧ નાનજીભાઈ કાનજીભાઈ એ ફરીયાદ કરેલી, બનાવ બન્યા પહેલા મહીના ની અંદર અમોએ રોપા રોપેલા, અમોએ વરસાદ આવ્યા બાદ રોપા રોપેલા, વરસાદ સતત ના પડે તો રોપા સુકાઈ પણ જાય, પવન થી રોપા ઉખેડી પણ જાય, **આ બનાવ બન્યો તે પહેલા રોપાનુ ઇન્સ્પેકશન થયેલુ નહી, એ વાત ની મને ખબર નથી કે, અમારા જીલ્લા તથા ગુજરાત રાજ્યના વનના અધિકારીઓ તા. ૧૧/૦૮/૨૦૧૭ નારોજ ઈન્સ્પેકશન કરવાના હતા,** મને આર.એફ. ઓશ્રીનો ફોન આવેલ ત્યારે લુસડીયા હતો, મને નવેક વાગ્યે સાહેબનો ફોન આવેલો, ફોન આવ્યા બાદ હુ શામળાજી ઓફિસ ઉપર આવેલ, ઓફીસ ઉપર અમો પંદરેક મિનિટ રોકાયેલ, અમો સરકારી વાહનમાં આવેલા, **રણજીતસિંહ અને યુ.વી.ડામોર નાઓએ વનપાલ શામળાજી બી.વી.પુજારાને રોપા ઉખેડેલા ની જાણ કરેલી, જાણ કયા માધ્યમથી કરેલ તે મને ખબર નથી, આરોપીઓ રોપા ઉખેડતા હોય તેવુ મે નજરો નજર જોયેલ નથી,** સર્વે નં.૭૬ ને અડીને સુનોખ ગામ આવેલુ છે, એ વાત ની મને ખબર નથી કે, સર્વે નં.૭૬ ની નજીક રહેણાંક વિસ્તાર આવેલ છે, એ વાત ની મને ખબર નથી કે, સર્વે નં. ૭૬ થી વચ્ચે થઈને નેશનલ હાઈવે પસાર થાય છે, **બનાવ ના દિવસે**

**આરોપીઓને ઓફિસે લાવેલા, રોપા રોપેલા તે જગ્યાની દક્ષિણ સાઈડે વાંસેરા ગામ આવેલુ છે, ઉત્તર બાજુએ જંગલની જમીન આવેલી છે, પુર્વ બાજુ વકતાપુર ગામ આવેલુ છે, પશ્ચિમ બાજુએ આરોપીના ઘર તથા બીજા મકાનો આવેલા છે, હવે હું કહુ છુ કે, આરોપીના મકાન પુર્વ દિશાએ આવેલા છે, આરોપીના જ્યા મકાન છે ત્યાં તેમની ખેતી ની જમીન પણ છે. જયારે,** આંક : ૬૨ ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "બનાવ વખતે હું વનરક્ષક સહાયક તરીકે દહેગામડા ફરજ બજાવતો હતો, સુનોખ અને વાસેરા ખાતે બી.બી.પુજારા વનપાલ તરીકે ફરજ બજાવતા હતા, **વનપાલ બી.બી.પુજારા સાથે રણજીતસિંહ અનવરસિંહ જાડેજા નાઓ પણ ફરજ બજાવતા હતા, વનપાલ બી.બી.પુજારા અને રણજીસિંહ અનવરસિંહ જાડેજા સામે આ કામના આરોપીઓએ માર માર્યા અંગેની ફરીયાદ કરેલ છે,** વાસેરા ખાતે કેટલા રોપા રોપેલા હતા અને તે કઈ કઈ જાતના હતા તે હું ચોક્કસ કહી શકું નહીં, **રોપા જંગલની પડતર અને ટેકરાળ અને પથરાળ જમીનમાં રોપતા હોય છે, અમુક કુદરતી ભૌગોલીક પરીબળને કારણે તેમજ યોગ્ય માવજત ન થવાના કારણે રોપાઓ પડી જતા હોય છે,** આ કામના આરોપીઓ અમારા સમાજના હોય હું તેમને ઓળખું છું." **જયારે,** આંક : ૬૪ ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "આ બનાવ વખતે મારી નોકરી વાંસેરા બીટ ખાતે વનરક્ષક તરીકે હતી, વાંસેરા બીટમાં હાલમાં ૪ ગામ આવે છે, અમારે મોટા ભાગે શામાળજી ખાતે રાઉન્ડ ઓફિસ ખાતે હાજર રહેવાનું હોય છે, **આ કામના આરોપીઓને શામાળજી રાઉન્ડ ઓફિસ ખાતે લાવેલા, આ ફરીયાદ કરી તેના પહેલાં આ કામના આરોપીઓને શામાળજી રાઉન્ડ ઓફિસ ખાતે લાવેલા, બી.બી.પુજારા નાઓ વિરૂધ્ધ આ કામના આરોપીઓએ મારા માર્યા અંગે તેમજ એટ્રોસિટી અંગેની ફરીયાદ શામનાજી પો.સ્ટેમાં કરેલી,** આરોપીઓના પડોશી અમારી સાથે તે વખતે રોજમદાર તરીકે કામગીરી કરતા હતા, સુકાજી કાવાજી પાંડોર બુધરાસણ ગામના છે,

સુકાજી કાવાજી પાંડોર બુધરાસણ ગામે રહે છે, બનાવ વખતે તેઓ બુધરાસણ ગામે હતા." **જયારે,** આંક : ૭૦ ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "મને આંક – ૧૨, ૧૩ અને ૧૪ મને બતાવવમાં આવે છે તેમાં પાડવ સુકાજી કાવાજીની સહિ નથી, મને આંક – ૧૫ વાળુ બાંહેધરી ખત બતાવવામાં આવે છે તેમાં પાંડવ સુકાજીની સહિ નથી" **જયારે,** આંક : ૭૨ ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "તા.૧૦/૦૮/૨૦૧૭ નારોજ અમે રેન્જ ઓફિસ ખાતે આશરે ૧૦ વાગે આવી ગયેલા, તા.૧૦/૦૮/૧૭ ના રોજ મારી નોકરી મોટા કંથારીયા બીટમાં હતી અને મારી બીટમાં મોટા કંથારીયા એક જ ગામ આવે છે, વાંસેરા બીટના વનપાલક તીરકે બી.બી.પુંજારા નાઓ હતા અને તેમની સાથે રોજમદાર તરીકે રણજીતસિંહ જાડેજાનાઓ હતા, બી.બી.પુંજારા અને રણજીતસિંહ અનવરીસંહ નાઓ વિરુધધ ફોજદારી ફરીયાદ થયેલી, તેમને આ કામના આરોપી નં. ૧, ૨ અને ૩ ને માર મારેલો, કેટલા રોપા રોપેલા હતા તે હું હાલ ચોકકસ કહિ શકુ નહિ, મારી ફરજના બીટ મોટા કંથારીયાથી વાંસેરા ૩૦–૪૦ કિ.મી દુર આવેલ છે. સાહેદ સ્વેછાએ જણાવે છે કે, અમે સવારે ૦૮:૦૦ વાગે નીકળી ગયેલા."**જયારે,** આંક : ૭૩ ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "તા.૧૦/૦૮/૨૦૧૭ નારોજ અમે રેન્જ ઓફિસ ખાતે આશરે ૧૦ વાગ્યા ની આસપાસ આવી ગયેલા, તા.૧૦/૦૮/૧૭ ના રોજ મારી નોકરી દેવની મોરી ગામમાં હતી, અમારે અમારી બીટમાં અમારી ફરજ સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી હોય છે, દેવની મોરી ગામની બીટમાં આશરે ચારેક ગામ આવે છે, દેવની મોરી બીટમાં આશરે ૮૨૯ હેકટર જેટલો વિસ્તાર આવેલો છે, **સરકારી ગાડી લઈ ફોરેસ્ટરે સમગ્ર વિસ્તારમાં રાઉન્ડ મારવુ પડે, વાંસેરા કંપા બીટમાં વનપાલક તરીકે બી.બી.પુંજારા નાઓ હતા, એ વાતની મને ખબર નથી કે, બી.બી.પુંજારા નાઓની સામે ફોજદારી ફરીયાદ થયેલી છે કે કેમ?. જયારે,** આક : ૭૪, ના સાહેદ બચાવ

પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "હું મારી ઓફિસે તા.૧૦/૦૮/૧૭ નારોજ ૧૧ વાગ્યે પહોંચેલો. મેસેજ અમને પોણા અગીયાર વાગ્યે મળેલા, મને મેસેજ મળ્યો ત્યારે હું શામળાજી હતો, મેસેજ મળ્યા ત્યારે હું એકલો બીટમાં હાજર હતો, તે વખતે ७८० નું જંગલનું હેક્ટર ક્ષેત્રફળનું દેખરેખ રાખવાનું હતું, વાસેરા મારી બીટમાં આવતુ નહીં, બનાવ સ્થળે નાનજીભાઈ હાજર મળેલા નહીં, નાનજીભાઈ અને તેમના બે છોકરા ઓને અમે ઓફિસે લઈ ગયેલા, કે.બી.પુજારા તે વખતે રાઉન્ડ – ફોરેસ્ટર અધિકારી તરીકે ફરજ બજાવતા હતા, એ વાતની મને ખબર નથી કે, ભીખાભાઈ પુજારા સામે હાલના આરોપીએ ફરીયાદ કરેલ હતી કે કેમ?, **આ રોપાઓ કયારે રોપેલ તેની તારીખ મને ખબર નથી, મારા ઉપલા અધિકારીના કહેવાથી મેં રોજકામમાં સહી કરેલી, આરોપીઓને અમારી ઓફિસે લાવેલ ત્યારે હું તેમને ઓળખતો તે પહેલા ઓળખતો નહી."** **જયારે,** આંક : ૭૫, ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "બનાવ સમયે મારી ફરજ અભાપુર ખાતે હતી, રણજીતસિંહ અને સરદારસિંહ નાઓ વાંસેરા ગામના હતા, વાંસેરા બીટના ફોરેસ્ટર તરીકે બી.બી.પુંજારા નાઓ હતા, ઉખાડીને ફેંકી દીધેલા ૪૩૦૦ રોપાઓ ત્યાં બીજી વખત ચેપેલા હતા, જો રોપાઓ ની યોગ્ય માવજત કરવામાં ન આવે અને પાણી આપવામાં ન આવે તો રોપાઓ સુકાઈ જતાં હોય છે." **જયારે,** બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** અમારી રાઉન્ડ ઓફીસ શામળાજી ખાતે આવેલી છે. તા.૧૦/૦૮/૧૭ નારોજ સવારે ૦૭.૦૦ વાગે પહોંચી ગયેલા, મસ્ટર રોલમાં હાજરી પુરાવા સવારે ૦૬.૦૦ વાગે થી સાંજના ૦૮.૦૦ વાગે સુધી અને જયા ફરજ પર જવાનુ હોય ત્યાં એન્ટ્રી કરવાની હોય છે, તા.૧૦/૦૮/૧૭ ના રોજ મારા વિસ્તાર પાંચ મહુડી જવાનુ ડાયરીમાં લખાવેલ છે, વાસેરા ગામે જવા માટે સવારે ૦૭.૦૦ વાગે રેન્જર સાહેબે જાણ કરેલી,, સુનોખ ગામે બી.બી.પુજારાઓ પણ હાજર હતા, તેમજ રણજીતસિંહ અનવરસિંહ નાઓ પણ હાજર હતા, વાસેરા વળુ

જંગલ કેટલા ક્ષેત્રફળમાં આવેલુ છે તે મને ખબર નથી, ૪૩૦૦ રોપા માંથી વાંસ, ખેર, ગુંદ વિગેરેના કયા કયા પ્રકારના રોપા ઉખાડી નાંખેલ તે હું ચોકકસ કહી શકું નહીં, રોપાને પુરતું પાણી, અને પુરતી માવજત ન મળે તો રોપા સુકાઈ જતા હોય છે."**જયારે, આંક : ૮૦ ના સાહેદ** બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "અમે પોલીસ સ્ટેશને જે મારણસો લાવેલ તે એકજ પરીવારના માણસો હતા, આ લોકો એકજ ગામના હતા, ફોરેસ્ટરના કહેવાથી અમો આ માણસોને લઈ આવેલા, તેમની રીતે લખાણ કરી લીધેલ અને મને સહી કરવાનું કહેતાં મેં સહી કરેલ.''**જયારે,** આંક : ૮૧ ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "ફોરેસ્ટરના કહેવાથી અમો આ માણસોને લઈ આવેલા, જે રોપાઓ **સરકારી જમીનમાં થી કોણે ઉપાડી નાખેલ તે મેં જોયેલ નહીં,** લખાણ કરી લીધેલ અને મને સહી કરવાનું કહેતાં મેં સહી કરેલ." **જયારે,** આંક : ૮૯ ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "હું ધોરણ ૧૨ સુધી ભણેલ છું, **મારી ૧૭ વર્ષની નોકરી દરમીયાન મેં નાઈટ માંજ નોકરી કરેલ છે, બી.બી.પુજારા મારું નામ–સરનામું જાણતા હતા, હું વાસેરા ગામે ક્યારેય ગયેલ નથી." જયારે,** આંક : ૮૯ ના સાહેદ, બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "દેવ નીમોરી ખાતે રોજમદાર તરીકે બીજા વ્યકિતઓ પણ હતા, હું રોજમદાર રણજીતભાઈ અનવરભાઈ જાડેજાને ઓળખુ છું, હું ફોરેસ્ટર બી.બી.પુંજારા ને પણ ઓળખુ છું, વાંસેરા કંપાનું જંગલ એ મોટું જંગલ આવેલ છે, વાંસેરા કંપામાં કેટલા રોપા રોપેલ હતા તેની મને ખબર નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ઉપાડી નાંખેલા, રોજ કામમાં મેં ઓફિસમાં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ જાણતો નથી. **જયારે,** આંક : ૯૩ થી સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** "રોજકામ લખેલ તૈયાર હતું અને બીજા બધા રોજમદારો એ સહી કરેલી એટલ મેં સહી કરેલી, હું રોજમદાર તરીકે નોકરી કરતો હોય મારે જંગલમાં કામગીરી

કરવાની હોય છે, વાંસેરા કંપામાં કેટલા રોપા રોપેલ હતા તેની મને ખબર નથી, રોજકામમાં મેં ઓફિસમાં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ જાણતો નથી." **જયારે,** આંક : ૧૦૦ ના સાહેદ બચાવ પક્ષ, **તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** અમારી ફરજમાં ઓડ અને મહેરુગામ સિવાય બીજુ કોઈ ગામ આવતુ નથી, **ફરજ દરમિયાન અમો વાસેરા ગામે ગયેલો નથી.''**

**(૧૨)** ઉપરોક્ત સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, અહી ફરિયાદ પક્ષે આરોપી નં. ૧ થી ૪, નાઓને રોપા ઉખડતા અને તે સ્થળે કબજો કરવા એન્ક્રોચમેન્ટ કરતા કે, ખેતી કરતા કે નુકશાન કરતા નજરે જોયેલ હોઈ તેવી કોઈ હકીકત ફરિયાદ પક્ષે તેઓના સોગંદ પર ના પુરાવા અને રજુ દસ્તાવેજી પુરાવા પરથી પુરવાર થયેલ નથી. અહી નોંધવું જરૂરી છે કે, હાલની ફરિયાદીના કામે, આંક – ૧૧ થી રજૂ થયેલ પંચરોજકામ તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ નું અને શામળાજી રા.ગુ.નં – ૧૧/૨૦૧૭ ના કામે થયેલ હોવાનું જણાઈ આવે છે. જે પંચ સાહેદોને ફરિયાદી તરફે સાહેદ તરીકે દર્શાવેલ નથી કે તપાસવામાં આવેલ નથી. વધુમાં, વાસેરા રા.શામળાજી ગુ.નં. ૧૦/૨૦૧૭–૧૮ નો એફ.ઓ.આર બનાવ તા.૦૧/૦૮/૨૦૧૭ તથા રેન્જ ગુના. રજી. નં. ૨/૨૦૧૭ – ૧૮, ના કામે નોંધાયેલ એફ.ઓ.આર, ની વિગત ધ્યાને લેવામાં આવે તો, "મોજે વાસેરા જંગલ સર્વે નં. ૭૬ પાઇકિમાં કૂપવાળા વિસ્તારમાં, માંહે ૨૦૧૭ – ૧૮ ના વર્ષમાં એ. એ. આર મોડેલ વાવેતર વિસ્તાર, હે. ૧૫ માં રાત્રિના સમયમાં એટલે કે તા.૦૧/૦૮/૨૦૧૭ ની રાત્રિના સમયમાં પ્રવેશ કરી જુદી જુદી જાતના રોપેલ રોપાઓ ૪૩૦૦/– ઉખેડી નાખીને ફેકી દેવા બાબત" વધુમાં, સદર એફ.ઓ.આર આરોપી નં. ૧ વિરુદ્ધ દાખલ થયેલ છે, જયારે આરોપી નં. ૨ થી ૪ નાઓના નામ નો એફ.ઓ.આર માં ઉલ્લેખ થયેલ નથી, આંક – ૨૭ થી, તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ નું રોજકામ ફોરેસ્ટરશ્રી રૂબરૂનું રજૂ થયેલ છે. તા.૦૨/૦૮/૨૦૧૭ ના પ્રથમ એફ.ઓ.આર પ્રથમ ગુન્હાના કામે કરેલ રોજકામ ની નકલ,

આંક – ૧૨ થી આંક – ૧૫ સુંધીના ત્રોણ આરોપીઓ તરેફ આપવામાં આવેલ બાંહેધરી પત્ર, આંક – ૧૭ થી આંક – ૨૨ સુંધીના ત્રોણ આરોપીઓના જામીન ખત આધાર કાર્ડ સાથેના, આંક – ૨૩ થી વાસેરા ગામે આવેલ ફૉરેસ્ટ રીજર્વ હોવા અંગે નું ગુજરાત સરકારશ્રીનું નોટિફિકેશન, ની નકલ. આંક : ૦૯ અને ૬૫ થી એકજ પંચનામું બે વખત રીફર ઠતા અને આંક : ૦૮ થી ફરિયાદી અને આંક : ૬૪ ના સાહેદના સોગંદ પરના પુરાવામાં સદર પંચનમું રજૂ થયેલ હોઈ જેથી, જે પંચનામું તા.૦૨/૦૮/૨૦૧૭ ના રોજ નું હોઈ અને તે પંચનામા ના પંચ સાહેદો ને ફરિયાદ પક્ષે સાહેદ તરીકે દર્શવાવેલ નથી કે તપાસવામાં આવેલ નથી. વધુમાં, તપાસવામાં આવેલ તમામ સાહેદો આરોપીઓના ઘરે તેઓને અટક કરવા ગયેલ ઈસમો છે, અને કહેવાતા પંચ ક્યાસ અને પંચનામામાં સાખ કરનાર પંચ સાહેદોને ફરીયાદીએ રજુ ફરિયાદમાં સાહેદ તરીકે દર્શાવેલ નથી કે તેઓને કોર્ટ રૂબરૂ બોલાવી તપાસેલ નથી. વધુમાં, ફરીયાદી પક્ષે તપાસવામાં આવેલ સાહેદોની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, આ તબ્બકે, ફરીયાદી તેઓની ઉલટ તપસામાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, હુ છેલ્લા ૨૨ વર્ષથી શામળાજી રાઉન્ડમાં ફરજ બજાવુ છું, મે વાંસેરા બીટમાં નોકરી કરેલ નથી, સને ૧૯૬૨ – ૬૩ થી સર્વે નં. ૭૬ માં એક જ માણસનો કબજો છે, સર્વે નં. ૭૬ ની જમીન જીલ્લા વન સંરક્ષક તથા કલેકટરે અન્ય લોકોને પણ જમીન ખેડવાની સનદ આપેલ છે, મારી ફરીયાદમાં રોપાનું ચોક્કસ નામ જણાવેલ નથી, રોપાના જુદા જુદા નામ હોય છે, રોપા કેટલી જમીનમાંથી ઉખેડી નાંખેલ તેની વિગત ફરીયાદમાં જણાવેલ નથી, આરોપીને પકડવા અમો સ્ટાફના માણસો કુલ ૩૨ જણ ગયેલા, અમારી સાથે રણજીતસિંહ જાડેજા પણ હતા. આરોપી આદિવાસી છે તે હુ જાણુ છુ, બનાવ મે નજરો નજર જોયેલ નથી, આરોપીની કબુલાતમાં કોઈ સ્વતંત્ર સાક્ષીની સહી નથી. જયારે આંક : ૬૫ થી સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે જણાવેલ છે કે, આ કામના આરોપીઓને શામાળજી રાઉન્ડ ઓફિસ ખાતે લાવેલા, આ ફરીયાદ કરી તેના પહેલાં આ કામના આરોપીઓને

શામાળજી રાઉન્ડ ઓફિસ ખાતે લાવેલા, બી.બી.પુજારા નાઓ વિરૂધ્ધ આ કામના આરોપીઓએ મારા માર્યા અંગે તેમજ એટ્રોસિટી અંગેની ફરીયાદ શામનાજી પો.સ્ટેમાં કરેલી, આરોપીઓના પડોશી અમારી સાથે તે વખતે રોજમદાર તરીકે કામગીરી કરતા હતા, સુકાજી કાવાજી પાંડોર બુધરાસણ ગામના છે, સુકાજી કાવાજી પાંડોર બુધરાસણ ગામે રહે છે, બનાવ વખતે તેઓ બુધરાસણ ગામે હતા. જયારે આંક : ૨૬ ના સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, શામળાજી રાઉન્ડમાં બી.બી.પુજારા નાઓ વનપાલ તરીકે ફરજ ઉપર હતા, રોપા ઉખેડયા ની હકીકત એફ.ઓ.આર માં જણાવેલ નથી, એફ.ઓ.આર. તા. ૦૨/૦૮/૧૭ ના રોજ દાખલ કરેલ, મને આરોપીઓના નામની જાણ બીટ ગાર્ડ મારફત એફ.ઓ.આર થી થયેલી, અમોએ એફ.ઓ.આર. પ્રથમ દાખલ કરેલ તે બાદ બનાવ વાળી જગ્યાનુ પંચનામુ કરેલ, બનાવ વાળી જગ્યાના મે કુલ બે પંચનામા કરેલા પ્રથમ પંચનામુ તા.૦૨/૦૮/૧૭ નારોજ નુ છે તેમજ બીજુ પંચનામુ તા.૧૦/૦૮/૧૭ નારોજ નુ છે, જે તે સમયે રોપા ઉખેડી નાંખેલા તેના ફોટોગ્રાફ લીધેલા, મને મૌખિક રીતે કઈ જાતના કેટલા કેટલા રોપા હતા તે યાદ નથી પરંતુ તે વિગત પંચનામામાં દર્શાવેલી છે, હવે હુ કહુ છુ કે, કઈ જાતના કેટલા રોપા હતા તે વિગત પંચનામામાં નહી પરંતુ રોજકામ માં જણાવેલી છે, આ રોપા ચોમાસાની સિજનમાં બનાવની દિવસ થી આશરે ૧૫ દિવસ પહેલા રોપવામાં આવેલા, આ રોપા સરકારશ્રીના હુકમ થી રોપવામાં આવેલા, આરોપીએ વનપાલ શામળાજી શ્રી,બી.બી.પુજારા ઉપર એટ્રોસીટી ફરીયાદ દાખલ કરેલ હોવાનુ મારા ધ્યાન ઉપર આવેલ, રોપાની નુકશાની ની કિમત રૂ.૪૫,૦૦૦/– હોવાની હકીકત પંચોએ નક્કી કરેલી, **જે વ્યકિત જંગલની જમીન ખેડતા હોય તો તેની ખેડાણની પાવતી કે દંડ પાવતી સને ૨૦૧૪ બાદ થી આપતા નથી, હુ આરોપીઓને નામ જોગ ઓળખતો નથી પરંતુ જોયે ઓળખું છું, બનાવ વખતે પાંડવ સુકાજી કાવાજી હાજર હતા નહી, જંગલ કમીટીના ચેરમેન હોઈ તેમનું નામ લખી દીધેલ." જયારે આંક : ૩૬**

**થી સાહેદ ઉલટ તપાસમાં સ્પસ્ટ જણાવેલ છે કે, વાંસેરા અમારી બીટમાં આવતુ નથી,** વાંસેરા બીટના વનપાલ નાએ ફરીયાદ કરેલ, આરોપી સ.નં.૭૬ વાળી જમીન ઉપર મળી આવેલ નહી, હાલના આરોપી સ્થળ ઉપર રોપા ઉખેડી નુકશાન કરતા હોવાનું જાતે જોયેલ નહી, એ વાત ખરી છે કે, આ રોપાઓ અમારી નર્સરીમાં ઉગાડવામાં આવે છે. રોપા કઈ તારીખે વાવેલા તે ચોક્કસ તારીખ ખબર નથી, પરંતુ જુલાઈ મહીના વાવેતર કરેલું. જયારે આંક : ૪૪ થી સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, મે વાંસેરા બીટમાં નોકરી કરેલ નથી, વાંસેરા બીટમાં બી.વી.પુજારા ફોરેસ્ટર હતા, તેઓના રોજમદાર તરીકે રણજીતસિંહ હતા, બી.વી.પુજારા અને રણજીતસિંહ વિરુદ્ધ આરોપી નં.૧ નાનજીભાઈ કાનજીભાઈ એ ફરીયાદ કરેલી, બનાવ બન્યા પહેલા મહીના ની અંદર અમોએ રોપા રોપેલા, અમોએ વરસાદ આવ્યા બાદ રોપા રોપેલા, વરસાદ સતત ના પડે તો રોપા સુકાઈ પણ જાય, પવન થી રોપા ઉખેડી પણ જાય, આ બનાવ બન્યો તે પહેલા રોપાનુ ઇન્સ્પેકશન થયેલુ નહી, રણજીતસિંહ અને યુ.વી.ડામોર નાઓએ વનપાલ શામળાજી બી.વી.પુજારાને રોપા ઉખેડેલા ની જાણ કરેલી, જાણ કયા માધ્યમથી કરેલ તે મને ખબર નથી, આરોપીઓ રોપા ઉખેડતા હોય તેવુ મે નજરો નજર જોયેલ નથી, આંક : ૬૨ ના સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, વનપાલ બી.બી.પુજારા અને રણજીસિંહ અનવરસિંહ જાડેજા સામે આ કામના આરોપીઓએ માર માર્યા અંગેની ફરીયાદ કરેલ છે, વાસેરા ખાતે કેટલા રોપા રોપેલા હતા અને તે કઈ કઈ જાતના હતા તે હું ચોક્કસ કહી શકું નહીં, રોપા જંગલની પડતર અને ટેકરાળ અને પથરાળ જમીનમાં રોપતા હોય છે, અમુક કુદરતી ભૌગોલીક પરીબળને કારણે તેમજ યોગ્ય માવજત ન થવાના કારણે રોપાઓ પડી જતા હોય છે, આ કામના આરોપીઓ અમારા સમાજના હોય હું તેમને ઓળખું છું." જયારે આંક : ૬૪ ના સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે જણાવેલ છે કે, આ કામના આરોપીઓને શામાળજી રાઉન્ડ ઓફિસ ખાતે લાવેલા, આ ફરીયાદ કરી તેના પહેલાં

આ કામના આરોપીઓને શામાળજી રાઉન્ડ ઓફિસ ખાતે લાવેલા, બી.બી.પુજારા નાઓ વિરૂધ્ધ આ કામના આરોપીઓએ મારા માર્યા અંગે તેમજ એટ્રોસિટી અંગેની ફરીયાદ શામનાજી પો.સ્ટેમાં કરેલી, આરોપીઓના પડોશી અમારી સાથે તે વખતે રોજમદાર તરીકે કામગીરી કરતા હતા, સુકાજી કાવાજી પાંડોર બુધરાસણ ગામના છે, સુકાજી કાવાજી પાંડોર બુધરાસણ ગામે રહે છે, બનાવ વખતે તેઓ બુધરાસણ ગામે હતા. જયારે આંક : ૭૦ ના સાહેડ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, મને આંક–૧૨, ૧૩ અને ૧૪ મને બતાવવમાં આવે છે તેમાં પાડવ સુકાજી કાવાજીની સહિ નથી, મને આંક – ૧૫ વાળુ બાંહેધરી ખત બતાવવામાં આવે છે તેમાં પાંડવ સુકાજીની સહિ નથી" જયારે આંક : ૭૨ ના સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, વાંસેરા બીટના વનપાલક તીરકે બી.બી.પુંજારા નાઓ હતા અને તેમની સાથે રોજમદાર તરીકે રણજીતસિંહ જાડેજાનાઓ હતા, બી.બી.પુંજારા અને રણજીતસિંહ અનવરીસંહ નાઓ વિરુધ્ધ ફોજદારી ફરીયાદ થયેલી, તેમને આ કામના આરોપી નં. ૧, ૨ અને ૩ ને માર મારેલો, કેટલા રોપા રોપેલા હતા તે હું હાલ ચોકકસ કહિ શકુ નહિ, જયારે આંક : ૭૪ ના સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, બનાવ સ્થળે નાનજીભાઈ હાજર મળેલા નહીં, નાનજીભાઈ અને તેમના બે છોકરા ઓને અમે ઓફિસે લઈ ગયેલા, કે.બી.પુજારા તે વખતે રાઉન્ડ – ફોરેસ્ટર અધિકારી તરીકે ફરજ બજાવતા હતા, એ વાતની મને ખબર નથી કે, ભીખાભાઈ પુજારા સામે હાલના આરોપીએ ફરીયાદ કરેલ હતી કે કેમ?, આ રોપાઓ કયારે રોપેલ તેની તારીખ મને ખબર નથી, મારા ઉપલા અધિકારીના કહેવાથી મેં રોજકામમાં સહી કરેલી, આરોપીઓને અમારી ઓફિસે લાવેલ ત્યારે હું તેમને ઓળખતો તે પહેલા ઓળખતો નહી." જયારે આંક : ૭૫ ના સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, ઉખાડીને ફેંકી દીધેલા ૪૩૦૦ રોપાઓ ત્યાં બીજી વખત ચેપેલા હતા, જો રોપાઓ ની યોગ્ય માવજત કરવામાં ન આવે અને પાણી આપવામાં ન આવે તો રોપાઓ સુકાઈ

જતાં હોય છે." જયારે આંક : ૭૬ ના સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, તા.૧૦/૦૮/૧૭ ના રોજ મારા વિસ્તાર પાંચ મહુડી જવાનુ ડાયરીમાં લખાવેલ છે, વાસેરા ગામે જવા માટે સવારે ૦૭.૦૦ વાગે રેન્જર સાહેબે જાણ કરેલી,, સુનોખ ગામે બી.બી.પુજારાઓ પણ હાજર હતા, તેમજ રણજીતસિંહ અનવરસિંહ નાઓ પણ હાજર હતા, વાસેરા વળુ જંગલ કેટલા ક્ષેત્રફળમાં આવેલુ છે તે મને ખબર નથી, ૪૩૦૦ રોપા માંથી વાંસ, ખેર, ગુંદ વિગેરેના કયા કયા પ્રકારના રોપા ઉખાડી નાંખેલ તે હું ચોકકસ કહી શકું નહીં, રોપાને પુરતું પાણી, અને પુરતી માવજત ન મળે તો રોપા સુકાઈ જતા હોય છે. જયારે આંક : ૮૦ ના સાહેદ તેઓની સોગંદ પરની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, અમે પોલીસ સ્ટેશને જે મારણસો લાવેલ તે એકજ પરીવારના માણસો હતા, આ લોકો એકજ ગામના હતા, ફોરેસ્ટરના કહેવાથી અમો આ માણસોને લઈ આવેલા, તેમની રીતે લખાણ કરી લીધેલ અને મને સહી કરવાનું કહેતાં મેં સહી કરેલ. જયારે આંક : ૮૧ ના સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, ફોરેસ્ટરના કહેવાથી અમો આ માણસોને લઈ આવેલા, જે રોપાઓ સરકારી જમીનમાં થી કોણે ઉપાડી નાખેલ તે મેં જોયેલ નહીં, લખાણ કરી લીધેલ અને મને સહી કરવાનું કહેતાં મેં સહી કરેલ." જયારે આંક : ૮૯ ના સાહેદો તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, હું ધોરણ ૧૨ સુધી ભણેલ છું, મારી ૧૭ વર્ષની નોકરી દરમીયાન મેં નાઈટ માંજ નોકરી કરેલ છે, બી.બી.પુજારા મારું નામ-સરનામું જાણતા હતા, હું વાસેરા ગામે ક્યારેય ગયેલ નથી. જયારે આંક : ૯૦ થી સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, હું રોજમદાર રણજીતભાઈ અનવરભાઈ જાડેજાને ઓળખુ છું, હું ફોરેસ્ટર બી.બી.પુંજારા ને પણ ઓળખુ છું, વાંસેરા કંપાનું જંગલ એ મોટું જંગલ આવેલ છે, વાંસેરા કંપામાં કેટલા રોપા રોપેલ હતા તેની મને ખબર નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ઉપાડી નાંખેલા, રોજ કામમાં મેં ઓફિસમાં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ જાણતો નથી. જયારે આંક : ૯૩ ના સાહેદ તેઓની ઉલટ

તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, રોજકામ લખેલ તૈયાર હતું અને બીજા બધા રોજમદારોએ સહી કરેલી એટલ મેં સહી કરેલી, હું રોજમદાર તરીકે નોકરી કરતો હોય મારે જંગલમાં કામગીરી કરવાની હોય છે, વાંસેરા કંપામાં કેટલા રોપા રોપેલ હતા તેની મને ખબર નથી, રોજકામમાં મેં ઓફિસમાં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ જાણતો નથી. જયારે આંક : ૧૦૦ ની ઉલટ તપાસમાં સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, અમારી ફરજમાં ઓડ અને મહેરુગામ સિવાય બીજુ કોઈ ગામ આવતુ નથી, ફરજ દરમિયાન અમો વાસેરા ગામે ગયેલો નથી.'' આમ ઉપરોક્ત તમામ સાહેદોની ઉલટ તપાસ પર થી રોપા ઉખાડેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ, તે કઈ તારીખ નો ચોક્કસ બનાવ છે અને કઈ તારીખ ના બનાવ સબંધે આરોપીઓને અટક કરી અને એફ.ઓ.આર દાખલ કરવામાં આવેલ હતી અને, ચોક્કસ કેટલી નુકશાની થયેલ છે અને આરોપીઓ ને રોપા ઉખાડતા નજરે જોયેલ હોઈ તેવું રેકર્ડ પર ફરિયાદ પક્ષે પુરવાર થયેલ નથી. કારણ કે, વનપાલક ને રોપા ઉખેડવા બાબતે ગાર્ડ શ્રી, ડામોર દ્ધારા આરોપીઓના નામ આપવામાં આવેલ હતા, પરંતુ, તેઓ કહવાતો બનાવ એફ.ઓ.આર ધ્યાને લેતા, તા. ૦૧/૦૮/૨૦૧૭ ના રોજ નો બનેલ હોવાનું અને તે રાત્રિના અરસામાં બને હોવાનું આંક : ૧૦ વાળાં એફ.ઓ.આર માં ઉલ્લેખ થયેલ છે પરંતુ, તે અંગે રજૂ આંક : ૦૯/૬૫ તા.૦૨/૦૮/૨૦૧૭ વાળા પંચનામામાં આરોપીઓની હાજરીમાં સ્થાનિકે પંચ રૂબરૂ પંચનામું કરલે હોઇ અને તેમ શ્રી. ડામોર બીટ ગાર્ડની સહી થયેલ હોઇ તેવું જણાતું નથી, વધુમાં, તે પંચનામાના પંચ સાહેદો ને ફરિયાદી દ્ધારા તપાસવામાં આવેલ નથી, વધુમાં, આંક : ૧૧ થી રજૂ થયેલ પંચનામું જે તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજના તા.૦૧/૦૮/૨૦૧૭ ના રોજના બનાવ અનવે નુકશાની અંગે નું પંચનામું તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. જ્યારે, તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ કલાક : ૧૨:૦૦ વાગ્યે, રોજકામ કરવામાં આવેલ છે અને તેમાં, એવી હકીકત લખવામાં

આવેલ છે કે, અગાઉ તા.૦૨/૦૮/૨૦૧૭ નારોજ પ્રથમ ગુનાના કામે આરોપી નાનજીભાઈ કાનજીભાઈ ખરાડી એ ઉખેડીનાખેલ રોપા ઓ થી ફોરેસ્ટ ખાતાને થયેલ નુકશાન અંગે, આરોપીના ઘરે સ્ટાફ અને એસ.આર.પી સ્ટાફ તથા વન મજૂરો સાથે પૂછ પરછ માટે, તેઓના દીકરા આરોપી નં. ૧ અને ૨, ને કચેરીમાં લાવી જવાબો લીધેલ હોઇ તે અંગે નું પંચ રોજકામ રજૂ કરલે છે. પરંતુ, કેહવાતી આરોપીઓ દ્વારા ગુનો કર્યાની અને નુકશાની ની રકમ ભરપાઈ કરી આપવા લખી આપેલ બાંહેધરી બાબતે, ફોરેટ ઓફિસરશ્રી એ કેહવાતી આપેલ નોટિસની કોઈ નકલ હાથ પરના કામે ફરિયાદી એ રજૂ કરલે નથી, વધુમાં, આંક : ૧૦ ના એફ.ઓ.આર માં તા.૦૧/૦૮/૨૦૧૭, રોજ રાત્રીનો બનાવ હોઇ તેઅંગે ની ફરિયાદ તા.૦૨/૦૮/૨૦૧૭ ના રોજ આરોપી નં. ૧ પર દાખલ થયેલ છે, વધુમાં, હાથ પરના કામે, રજૂ પંચ રોજકામ અને રોજકામ ની નકલમાં હાલના આરોપીઓને રોપા ઉખેડતા ફોરેસ્ટરે કે બીટ ગાર્ડ શ્રી ડામોર દ્વારા નજરે જોયેલ હોઈ અને, રંગે હાથ પડકેલ હોઇ તેવો કોઈ સ્પસ્ટ પુરાવાઓ ફરિયાદ પક્ષ રજૂ નથી, વધુમાં, અહી નોંધવું જરૂરી છે કે, ફરિયાદ પક્ષ ની દલીલ કે, આરોપીઓએ તેઓ રૂબરૂ ગુન્હો કબૂલ કરલે છે અને, તેઓ, એ નાના નુકશાનીના ભરી આપવા બાંહેધરી આપેલ છે તે અંગે રજૂ, ભારતીય પુરાવા અધિનિયમ, ની **કલમ – ૨૫ એન ૩૦** હેઠળ, આર. એફ. ઓ રૂબરૂની કબૂલાત પુરાવામાં ગ્રાહ્ય છે અને, આર.એફ.ઓ, પોલીસ અધિકારના ગણાય જેથી તેઓ રૂબરૂની કબુલાત પુરાવામાં ગ્રાહ્ય ગણાય તેવી દલીલ કરલે છે અને તેતેઓની દલીલના સમર્થનમાં, નામદાર, બોમ્બે હાઈ કોર્ટનો ચુકાદો, 1994 **SCC ONLINE BOM** 254, **Dr. Emerico D'Souza vs. State Through The Deputy Conservator of Forest. Date** : 08, **July** 1994. **Criminal Misc. Application No.** 140 **of** 1993. પર આધાર રાખેલ છે અને ફરીયાદી દ્વારા તરફે દલીલ છે કે, ઉપરોક્ત ચુકાદો ધ્યાને લઇ આરોપીઓને તકસીરવાર ઠરવાવા જોઈએ, અહી નોધવું જરૂરી છે કે, આરોપીઓની કહેવાતી કબુલાત, આંક : ૧૨ થી ૧૫

અંગે ફોરેસ્ટરશ્રી દ્વારા લેવામાં આવેલ કહેવાતી કબુલાતમાં ફોરેસ્ટરશ્રી દ્વારા તેઓને શામળાજી ફોરેસ્ટ ઓફિસે લાવી અને, તેઓના સ્ટાફ અને એસ.આર.પી ના માણસોની હાજરીમાં કબુલાત લેવામાં આવેલ છે. જે અંગે, તેઓની કબુલાતોમાં સહી લેવામાં આવેલ છે. જે સ્વેચ્છિક કબુલાત નથી કારણ કે, કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમાં કરેલ હોઈ અને, ગામના પંચો કે, સરપંચની હાજરીમાં કરેલ હોઈ તેવો કોઈ ઠોસ પુરાવા ફરિયાદ પક્ષે રજુ કરેલ નથી. વધુમાં, આરોપી પક્ષે સ્પસ્ટ પણે જણાવેલ છે કે, તેઓ દ્વારા ફોરેસ્ટરશ્રી, વિરુદ્ધ, એટ્રોસીટી અને માર માર્યાની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. અને તે ફરિયાદ અન્વયે નામદાર સેસન્સ કોર્ટ એટ્રોસીટી કોર્ટમાં ફોરેસ્ટર શ્રી પુંજારા અને, શ્રી, જાડેજા વિરુદ્ધ ટ્રાયલ ચાલી રહેલ છે. અહી નોધવું જરૂરી છે કે, તેઓની કબુલાત સ્વેચ્છા પૂર્વકની ગણાય નહી કારણ કે, તેઓ ને તેમના ઘરે થી લાવી ફોરેસ્ટ ઓફીસમાં બેસાડી અને કબુલાત લેવામાં આવેલ છે. અને તેમાં એસ.આર.પી ના ના જવાનો સાથે, રાખી અને આરોપીઓ ને તેઓના ઘરે થી બળ જબરી પૂર્વક લાવી ને નિવેદન લેવામાં આવલે છે, વધુમાં, આંક : ૬૪ થી મૂળ ફરિયાદ અંગે માહિતી આપનાર બીટ ગાર્ડ ઉમેશભાઈ વાલજીભાઈ ડામોર દ્વારા, બનાવ ની હકીત્ક શ્રી.પંજારાને કરવામાં આવેલ હતી પરંતુ, તપાસના કેમ શ્રી, પુંજારા દ્વારા તેઓનો કોઈ જવાબ લીધેલ હોઈ અને પંચક્યાસ કરેલ હોઈ અને, નુકશાની નું પંચનામું કરલે હોઈ તેવો કોઈ આધાર રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, શ્રી, ડામોર કે જે ફરજ દરમ્યાન આરોપીઓને રોપા ઉખેડતાં જોયેલ હોઈ તેઓ એ ક્યારે કઈ તારીખે અને કેટલા વાગે આરોપીઓને રોપા ઉખેડતાં જોયેલ હતા તે અંગે કોઈ સ્પસ્ટ હકીકત જણાવેલ નથી. પ્રથમ બના રાત્રીનો તા.૦૧/૦૮/૨૦૧૭ ના રોજ નો છે જયારે બીજો બનાવ તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ નો છે પ્રથમ બનાવ અંગે, તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ આરોપીઓને તેઓના ઘરેથી ફોરેસ્ટ ઓફીસ લાવી નિવેદન લેવામાં આવેલ છે અને, સ્થાનિકે નુકશાની અંગે પંચનામું અને પંચ ક્સ્યાસ કરવામાં આવેલ છે જયારે બીજો

ગુન્હો અંગે કોઈ એફ.ઓ.આર દાખલ થયેલ નથી. વધુમાં, સાહેદો કે જે ફોરેસ્ટ ઓફીસના કર્મચારીઓ અને મજૂરો હોઈ અને એસ.આર.પી.એફના જવાન હોઈ તે તમામ રસ ધરાવતા અને તેઓના ઉપરી અધિકારી દ્બારા આપવામાં આવેલ આદેશ નું પાલન કરવા બંધાયેલ હોઈ તેઓના સોગંદપરના પુરાવાને અન્ય સ્વતંત્ર સાહેદી પૂરાવ થી સમર્થન મળવું જરૂરી છે જે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદો કે પંચોને ફરીયાદી એ બોલાવી તપાસેલ નથી કે, તેઓના તપાસવા માટે કોઈ અરજી રજુ કરલે નથી. વધુમાં, બનાવ અંગે, સાહેદો વિરોધા ભાસી પુરાવા આપેલ છે તેમાં, અમુક સાહેદો એ આરોપીઓ ને જોયેલ નથી જયારે અમુક સાહેદો ૧૦ એક માણસો દ્બારા રોપા ઉખેડેલ હોવાનું જયારે, અમુક માણસો એ સ્ત્રીઓ પણ ગુન્હો કરવામાં સામેલ હોવાનું જણાવેલ છે કેહ્વાતા બીજા ગુનાહ અંગે કોઈ એફ.ઓ.આર દાખલ કરવામાં આવેલ નથી. જયારે તા.૦૧/૦૮/૧૭ ના રોજ રાત્રીના બનાવ અંગે તા.૦૨/૦૮/૧૭ ના રોજ એફ.ઓં.આર દાખલ થયેલ છે અને તેમાં, માત્ર આરોપી નં.૧ નું નામ નોધાયેલ છે જયારે, અન્ય આરોપીઓ અંગે કોઈ સ્પસ્ટ હકીકત કે આક્ષેપ થયેલ નથી વધુમાં, સમગ્ર તા.૦૧/૦૮/૧૭ થી તા.૧૦/૦૮/૧૭ દરમ્યાનના બનાવો અંગે આરોપી નં. ૪ નો શું ગુનાહિત રોલ કે કુર્ત્ય હતું તે અંગે કો ઠોસ પુરાવા ફરિયાદ પક્ષે રજુ થયલ નથી. વધુમાં, **The Hon'ble Supreme Court, in case of Bhoginbhai Hirjibhai Vs. State of Gujarat [AIR 1983 SC 753]** held that : "Discrepancies which do not go to the root of the matter and shake the basic version of the witnesses cannot be annexed with undue importance. More so, when the all important "probabilities factor" echoes in favor of the version narrated by the witnesses. વધુમાં, નામ.સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિ. દિલ્હી એડીમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ દ્બારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી

અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો નહોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઇએ નહી. વધુમાં પુરાવાના કાયદાનો સિદ્ધાંત છે કે, પુરાવાના જથ્થા કરતા તેની ગુણવતા જરૂરી છે અને ગુણવતાયુક્ત અને વિશ્વસનીય પુરાવો નોંધવો જોઇએ. વધુમાં, **Gauhati High Court as reported in** 2008 (2) **GLR** 672 wherein Nameirakpam Inaotomba Singh vs Union of India it was held in the light of Section 3 of the evidence Act, applicability – reasonable doubt is to be based on reason and common sense and must grow out of evidence in the case – Dictum "it is better to let hundred guilty escape than punish an innocent." જેથી ઉપરોકત હકીકત તથા રજુ થયેલ પુરાવા તથા સાહેદી પુરાવા ધ્યાને લેતાં, આરોપી નં. ૨ થી ૪ અંગે કોઈ કોઈ સ્પસ્ટ રોલ ફરિયાદ પક્ષે તોહમત મુજબનો ગુન્હો કર્યા અંગે પુરવાર કરેલ નથી જયારે, આરોપી નં.૧ સામે દાખલ થયેલ એફ.ઓ.આર મુજબ ની ગુન્હાની હકીકત અને ફરીયાદી પક્ષે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે, અને, આંક : ૬૪ ના બીટ ગાર્ડ દ્વારા ક્યારે અને કેટલાવાગે અને કઈ તારીખે તેઓ ફરજ પર હતા અને ગુન્હો તેઓની હાજરીમાં અને તેઓની નજર સમક્ષ બનેલ હોવા અગ્ને કોઈ કોઈ ઠોસ હકીકત કે પુરાવા સોગંદ પર પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે, વધુમાં તેઓની બનાવના અરસામાં કેહવાતા બીટ પર ફરજ હતી અને તે અંગે તેઓ હાજર હતા તે અંગે કોઈ ઠોસ હકીકત પુરવાર કરેલ નથી. વધુમાં, બીજા ગુન્હા અંગે કોઈ એફ.ઓ.આર દાખલ થયેલ નથી, અને કોઈ હકીકત નિશંક : પણે રેકર્ડ પર ફરિયાદ પક્ષે પુરાવા કરવામાં આવેલ નથી, અને આરોપી નં. ૧ ને તા. ૦૧/૦૮/૨૦૧૭ ના રોજ ગુન્હો કરતા રોપા ઉખેડતાં કોઈ ફરીયાદી સાહેદ દ્વારા નજરે જોયેલ હોઈ તેવો કોઈ ઠોસ હકીકત કે પુરાવા રજુ થયેલ નથી, જેથી, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: : હુકમ : :–**

**(૧)** ઇ.પી.કો. કલમ – ૨૫૫(૧) અન્વયે, આ કામના આરોપીઓને ભા.વ.અ. ૧૯૨૭ ની કલમ – ૨૬(૧)એ(ક), ૨૬(૧)ડી(ચ), ૨૬(૧)ઝ મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સમક્ષ હાજર થવા સારુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા કિ.પ્રો.કો.ક.૪૩૭ (એ)ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

હુકમ આજ રોજ તા.૦૩ માહે : જુન સને : ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:૦૩/૦૬/૨૦૨૬** **(આનંદ એ. દવે)**

**સ્થળ : ભીલોડા** **જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ – ભિલોડા**

**GJ – 01442.**